ભાવાર્થ સહ યોજક—
મુનિ કર્પૂરવિજયજી.

# કુલક સંગ્રહ.

પ્રકાશક—
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ.
મહેસાણા.

**પ્રિય વાંચનાર !**

અમારા સાહિત્ય વૃદ્ધિ અને ગ્રન્થ પ્રસિદ્ધિનાં ઉદ્દેશની સિદ્ધિ માટે અનેક સજ્જન સ્ત્રી પુરૂષો કદર કરતા રહી યોગ્ય સહાય આપતા રહે છે, તેમજ સમાજમાં વાંચન જીજ્ઞાસાની વૃદ્ધિ થવાથી અમારી ગ્રન્થમાળાના ગ્રન્થો દેશનાં દરેક વિભાગમાં પ્રેમ અને જીજ્ઞાસાથી વંચાય છે; તેથી અમારા અભિલાષની પુષ્ટી અર્થે સમાજમાં ઉપયોગી અને ઉપદેશક થઇ પડે તેવો આ "કુલક સંગ્રહ" નામનો નમુનેદાર ગ્રન્થ અમારી ગ્રન્થમાળાના ૨૮ મા મણકા તરીકે બહાર પાડી સમાજની સેવામાં રજુ કરવા અમો ભાગ્યશાલી થયા છીએ.

આ "**કુલક સંગ્રહ**" નામનો ગ્રન્થ પુર્વના અનેક સત્પુરૂષોના હૃદયની પ્રસાદી રૂપ છે. તેમજ ધર્મ અને કર્તવ્યની દિશા તરફ પ્રકાશ પાડનાર જ્યોત્સના રૂપ છે અને વિવેક અને વિચાર પૂર્વક વાંચનાર, મનન કરનાર અને અમલ કરનારનાં ત્રિવિધ તાપને શમાવવાને સંજીવની ઔષધી રૂપ છે.

ગુરૂ પ્રદક્ષિણા કુલક, સોમસુંદરસૂરિ કૃત સંવિગ્ન સાધુ યોગ્ય નિયમ કુલક, પુણ્ય કુલક, શ્રીમદ્દેવેંદ્રસૂરિ વિરચિત દાન શીઅલ તપ અને ભાવના કુલક તથા ગુણાનુરાગ કુલક એમ આઠ કુલકો મૂલ અને ભાષાંતર સાથે આ ગ્રન્થમાં આપેલ હોવાથી ગ્રન્થની ગૌરવતા કે ઉપયોગીપણા માટે અમો અત્ર વધુ ન જણાવતાં માત્ર જીજ્ઞાસુ આત્માઓને જીજ્ઞાસા પૂર્વક સાદ્યંત વાંચવા વિચારવા ભલામણ કરીએ છીએ. છેવટની ઉપયોગી સૂચનાઓ ખાસ વાંચવા વિચારવા અને અમલમાં મૂકવા યોગ્ય છે.

આ ગ્રંન્થની અંદર આપવામાં આવેલા "પ્રાકૃત ભાષામાં રચેલા કુલકોનો ગુર્જરભાષામાં શાંતમૂર્તિ શ્રીમાન્ કર્પૂરવિજયજી મહારાજશ્રીએ ભાવાર્થ લખી આપ્યો છે. તે બદલ તે મહારાજશ્રીનો અમો અંતઃકરણ પૂર્વક આભાર માની વિરમીયે છીએ.

વિજયાદશમી સંવત્ ૧૯૭૦.

**લી० પ્રસિદ્ધ કર્તા.**

પરોપકારાય સતાં વિભુતયઃ

૨૮

# પૂર્વાર્ષિ પ્રણીત કુલક સંગ્રહ.

ભાવાર્થ સહ યોજક
શાંતમૂર્તિ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી શિષ્યાણુ
મુનિ કર્પૂરવિજયજી.

શ્રી સિદ્ધક્ષેત્ર મધ્યે મુનિ શ્રી કર્પૂરવિજયજી
મારફતે જ્ઞાનઉત્તેજન અર્થે આવેલ
દ્રવ્ય સહાયથી.
છપાવી પ્રસિદ્ધ કર્તા.
શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મેસાણા.

આવૃત્તિ પહેલી—પ્રત ૨૦૦૦.

અમદાવાદ ધી યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં
મોતીલાલ શામળદાસે છાપ્યું.

સંવત ૧૯૭૦. વીર સંવત ૨૪૪૦. સને ૧૯૧૪.

કીમત ૦—૧—૦

# પ્રસ્તાવના.

આ લઘુ બુકમાં પૂર્વાચાર્ય પ્રણીત જૂદા જૂદા ઉપયોગી વિષયો સંબંધી આઠ કુલકોનો સમાવેશ કરવામાં આવેલ છે. તે પૈકી પ્રથમ પુન્ય કુલકમાં પુન્ય પ્રકૃતિના યોગે કેવી કેવી સત્ સામગ્રી સંપાદન થઈ શકે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. એમાંની કેટલીક શુભ સામગ્રી પામ્યા છતાં ચારિત્ર ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે. તેવું ઉત્તમ ચારિત્ર સુભાગ્ય યોગે પામી જો તેનું પ્રમાદ રહિત પાલન કરી શકાય તોજ તે લેખે થાય છે. એહવા ચારિત્ર પાત્ર—સંયમવંત ભાવિત આચાર્યાદિક મહા પુરૂષો—ગુરૂ જનો ઇષ્ટિદેવની પેરે વંદનિક—પૂજનિક છે. તેમનાં પવિત્ર દર્શન કરી હર્ષોલ્લાસથી તેમની જે સ્તુતિ કરવાની છે તે બીજા ગુરૂ પ્રદક્ષિણા કુલકમાં સંક્ષેપથી વર્ણવી છે. એહવા મહાનુભાવ ગુરૂજનો ઉત્તમ વૈરાગ્ય યોગે દેશકાળને અનુસારે જે જે સત્ક્રિયાઓ—ઉત્તમ આચાર વિચાર સેવી શકે તેનું વર્ણન ત્રીજા સંવિજ્ઞ નિયમ કુલકમાં કરવામાં આવેલું છે, જે દરેક ભવભીરૂ સાધુ સાધ્વીએ લક્ષપૂર્વક વાંચી—વિચારી અવસ્ય આદરવા યોગ્ય છે. ત્યાર પછીનાં ચ્યાર દાન—શીલ—તપ—ભાવ કુલકોમાં અનુક્રમે તે તે દાનાદિક ધર્મનો મહિમા—પ્રભાવ અને ત્હેનાં આરાધક ઉત્તમ જનોનાં શાસ્ત્રીય દ્રષ્ટાંતો દર્શાવવામાં આવેલાં છે કે, જે આત્માર્થી જનોએ ખાસ અનુકરણ કરવા યોગ્ય છે. કેમકે એથી જીવો નિજ નિજ ઉન્નતિ સાધી શકે છે. છેલ્લા આઠમા ગુણાનુરાગ કુલકમાં દરેકે દરેક સાધુ સાધ્વી અને શ્રાવક શ્રાવિકામાં તેમજ અન્ય કોઈ વ્યક્તિમાં જે જે સદ્‌ગુણ લાભે તે સદ્‌ગુણ ગુણદ્રષ્ટિથી ગ્રહણ કરી લેવા અને એમ કરી **'રાગ ધરીજે જ્યહાં ગુણ લહીએ, નિર્ગુણ ઉપર સમચિત્ત રહીએ લાલન સમચિત્ત રહીએ'** એ સૂક્ત વચનને સાર્થક કરી લેવા ભાર દઇને ઉપદિશ્યું છે. તે કોઈ પણ ધર્મ—કર્મમાં વર્તનારા જીવોને એક સરિખું ઉપયોગી અને આદરણીય છે. આ આઠમા કુલકના અને ત્રીજા સંવિજ્ઞ નિયમ કુલકના પ્રણેતા પ્રભુ શ્રી **સોમસુંદર સૂરિરાજ** છે, જેઓ પવિત્ર ગુણ નિષ્પન્ન **તપગચ્છવર્તી**, શ્રીમાન્ **મુનિ સુંદરસૂરિજીના પૂજ્ય ગુરૂ મહારાજ**

હતા. બાકીનાં પહેલા બીજા કુલકના પ્રણેતાનું નામ અંકિત કરાયેલું જાણ્યું નથી અને દાનાદિક ચાર કુલકોના પ્રણેતા **તપગચ્છ નાયક શ્રી જગચ્ચંદ્રસૂરિજીના પટાધર શ્રીમાન્ દેવેન્દ્રસૂરિજી** છે. દરીયા જેવા ગહન અર્થવાળા આ કુલકોનો સંક્ષિપ્ત રૂચિ જીવો માટે સંક્ષેપાર્થ જ અત્ર આલેખવામાં આવેલો છે, તેનો વિશેષાર્થ ગુરૂગમથી અવધારી ભવ્યાત્માઓ આત્મિક હિત સાધવા સન્મુખ થાઓ! એજ આંતર અભિલાષા. છેવટે જૈન કોમના હિત અર્થે તૈયાર કરેલી અતિ અગત્યની સૂચનાઓ તરફ સહુનું લક્ષ દોરતી અત્ર વિરમાય છે. **ઇતિશમ્**

**લેખક સદ્‌ગુણાભિલાષી અને સદ્‌ગુણાનુરાગી કર્પૂરવિજય.**

## શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫ | ૬ | રાયત્તણુજજા | રાયત્તણુ |
| ૨૦ | ૧૭ | પ હરિઅ | પરિહરિઅ |
| ૨૫ | ૫ | સાહગ્ગ | [illegible] |
| ૩૦ | ૩ | ધમલહરિવ | [illegible] |

શ્રી વિજય...નેમિસૂરિ...

# વિષય અનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | ગુરૂ પ્રદક્ષિણા કુલક ... ... ... ... ... | ૧ |
| ૨ | સંવિગ્ન સાધુ યોગ્ય નિયમ કુલક ... ... ... | ૫ |
| ૩ | પુણ્યપ્રભાવદર્શક પુણ્ય કુલક ... ... ... ... | ૧૮ |
| ૪ | દાન કુલક ... ... ... ... ... | ૨૦ |
| ૫ | શીળ કુલક ... ... ... ... ... | ૨૫ |
| ૬ | તપઃ કુલક ... ... ... ... ... | ૩૦ |
| ૭ | ભાવ કુલક ... ... ... ... ... | ૩૭ |
| ૮ | ગુણાનુરાગ કુલક ... ... ... ... ... | ૩૯ |
| ૯ | જૈન ભાઇઓ બ્હેનોને લક્ષ દેવા યોગ્ય ખાસ અગત્યની સૂચનાઓ. | ૪૫ |

ॐ

नमः सद्गुरुभ्यः

# सरहस्यं श्रीगुरुप्रदक्षिणाकुलकम्.

ગોઅમ સુહમ્મ જંબુ, પભવો સિજ્જંભવાઇ આયરિયા;
અન્નેવિ જુગપ્પહાણા, પઇ દિટ્ઠે સુગુરૂ તે દિઠા. ૧
અજ્જ કયત્થો જમ્મો, અજ્જ કયત્થં ચ જીવિયં મજ્ઝ;
જેણ તુહ દંસણામય–રસેણ સત્તાઇંનયણાઇં. ૨
સો દેસો તં નગરં, તં ગામો સો અ આસમો ધન્નો;
જત્થ પહુ તુમ્હ પાયા, વિહરંતિ સયાવિ સુપસન્ના. ૩
હત્થા તે સુકયત્થા, જે કિઇકમ્મં કુણંતિ તુહ ચલણે;
વાણી બહુગુણખાણી, સુગુરૂગુણા વન્નિઆ જીએ. ૪
અવયરિયા સુરધેણૂ, સંજાયા મહગિહે કણયવુઠી;
દારિદ્દં અજ્જ ગયં, દિટ્ઠે તુહ સુગુરૂ મુહકમલે. ૫
ચિંતામણિસારિચ્છં, સમત્તં પાવિયં મએ અજ્જ;
સંસારો દૂરીકઓ, દિટ્ટે તુહ સુગુરૂ મુહકમલે. ૬

ભાવાર્થ;—હે સદ્ગુરૂજી! આપનું દર્શન કર્યે છતે શ્રી ગૌતમસ્વામી, શ્રીસુધર્માસ્વામી, શ્રી જંબુસ્વામી, શ્રી પ્રભવ સ્વામી અને શ્રીસ્વયંભવ આદિક આચાર્ય ભગવંતો તેમજ બીજા પણ યુગ પ્રધાનોનું દર્શન કર્યું માનું છું. (૧)

આજ મારો જન્મ કૃતાર્થ થયો, આજ મારૂં જીવિત સફળ થયું, કે જેથી આપના દર્શન રૂપ અમૃત રસ વડે કરીને મારાં નેત્ર સિંચિત થયાં. અર્થાત્ આપનું અદ્ભુત દર્શન મને પ્રાપ્ત થયું. (૨)

તે દેશ, તે નગર, તે ગામ અને તે આશ્રમ (સ્થાન) ધન્ય છે કે, જ્યાં હે પ્રભુ ! આપ સદાય સુપ્રસન્ન થતાં વિ- રો છો અર્થાત્ વિહાર કરો છો. (૩)

તે હાથ સુકૃતાર્થ છે કે, જે આપના ચરણે દ્વા- દશાવર્ત્ત વંદન કરે છે, અને તે વાણી (જીહ્વા) બહુ ગુણવાળી છે કે, જે વડે સદ્‌ગુરૂના ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. (૪)

હે સદ્‌ગુરૂ ! આપનું મુખકમલ દીઠે છતે આજ કામ- ધેનુ મારા ઘર આંગણે આવી જાણું છું. તેમજ સુવર્ણ વૃષ્ટિ થઇ જાણું છું. અને આજથી મારૂં દારિદ્ર દુર થયું માનુંછું. (૫)

હે સદ્‌ગુરૂ ! આપનું મુખ કમલ દીઠે છતે ચિંતામણિ રત્ન સરખું સમકિત મને પ્રાપ્ત થયું, અને તેથી સંસારનો અંત થયો માનુંછું. (૬)

જા રિદ્ધિ અમરગણા, ભુંજંતા પિયતમાઇસંજુત્તા;
સા પુણ કિત્તિયમિત્તા, દિટ્ઠે તુહ સુગુરૂ મુહકમલે. ૭
મણવયકાયેહિં મએ, જં પાવં અજ્જિયં સયા;
તં સયં અજ્જ ગયં, દિટ્ઠે તુહ સુગુરૂ મુહકમલે. ૮
દુલ્લહો જિણિંદ ધમ્મો, દુલ્લહો જીવાણ માણુસો જમ્મો;
લદ્ધેપિ મણુઅજમ્મે, અઇદુલ્લહા સુગુરૂસામગ્ગી. ૯
જત્થ ન દિસંતિ ગુરૂ, પચ્ચુસે ઉટ્ઠિએહિં સુપસન્ના;
તત્થ કહં જાણિજ્જઇ, જિણવયણં અમિઅસારિચ્છં. ૧૦
જહ પાઉસંમિ મોરા, દિણયરઉદયમ્મિ કમલવણસંડા;
વિહસંતિ તેમ તચ્ચિય(?), તહ અમ્હે દંસણે તુમ્હ. ૧૧

જઇ સરઈ સુરહિ વચ્છો, વસંતમાસ ચ કોઇલા સરઇ;
વિંઝં સરઇ ગઇંદો, તહ અમ્હ મણું તુમં સરઇ. ૧૨

ભાવાર્થ-હે સદ્દગુરૂ! આપનું મુખ કમળ દીઠે છતે જે ઋદ્ધિ દેવતાઓ પોતાની દેવાંગનાદિક સહિત ભોગવે છે, તે મારે કંઇ હિસાબમાં નથી. (૭)

હે સદ્દગુરૂ! આપનું વદનકમળ દીઠે છતે જે મન, વચન, કાયાથી મેં જે પાપ આજ પર્યંત ઉપાર્જન કર્યું છે; તે બધું આજે સ્વતઃ નષ્ટ થયું માનુંછું. (૮)

જીવોને સર્વજ્ઞભાષિત ધર્મ પામવો દુર્લભ છે. તથા મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે. અને તે મનુષ્ય જન્મ મળે છતે પણ સદ્દગુરૂ સામગ્રી મળવી અતિ દુર્લભ છે. (૯)

જ્યાં પ્રભાતે ઉઠતાં જ સુપ્રસન્ન ગુરૂનાં દર્શન થતાં નથી, ત્યાં અમૃતસદૃશ જિનવચનનો લાભ શી રીતે લઇ શકાય? (૧૦)

જેમ મેઘને દેખી મોરો પ્રમુદિત થાય છે અને સૂર્યનો ઉદય થયે છતે કમળનાં વન વિકસિત થાય છે, તેમ જ આપનું દર્શન થયે છતે અમે પણ પ્રમોદ પામીએ છીએ. (૧૧)

હે સદ્દગુરૂજી! જેમ ગાય પોતાના વાછરડાને સંભાળે છે, અને જેમ કોયલ વસંતમાસને ઇચ્છે છે, તથા હાથી વિંધ્યાચલની અટવીને યાદ કરે છે; તેમ અમારૂં મન (સદાય) આપનું સ્મરણ કર્યા કરે છે. ૧૨

બહુયાં બહુયાં દિવસડાં, જઇ મઇં સુહગુરૂ દીઠ;
લોચન બે વિકસી રહ્યાં, હીઅડઇ અમિય પઇઠ. ૧૩
અહો તે નિજ્જિઓ કોહો, અહો માણો પરાજિઓ;
અહો તે નિરક્કિયા માયા, અહો લોહો વસીક્કિઓ. ૧૪

અહો તે અજ્જવં સાહુ, અહો તે સાહુ મદ્દવં;
અહો તે ઉત્તમા ખંતી, અહો તે મુત્તિ ઉત્તમા. ૧૫
ઇહં સિ ઉત્તમો ભંતે, ઇચ્છા હોહિસિ ઉત્તમો;
લોગુત્તમુત્તમં ઠાણં, સિદ્ધિં ગચ્છસિ નીરઓ. ૧૬
આયરિય નમુકકારો, જીવં મોએઇ ભવ સહસ્સાઓ;
ભાવેણ કિરમાણો, હોઇ પુણો બોહિલાભાએ. ૧૭
આયરિય નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો;
મંગલાણં ચ સવ્વેસિં, તઇયં હવઇ મંગલં. ૧૮

ભાવાર્થ—( સ્પષ્ટ છે ) ૧૩

અહો! ઇતિ આશ્ચર્યે! આપે ક્રોધનો કેવો જય કર્યો છે? માનનો કેવો પરાજય કર્યો છે? માયાને કેવી દૂર કરી છે? અને લોભને કેવો વશ કર્યો છે? (૧૪)

અહો આપનું આર્જવ (સરલપણું) કેવું ઉત્તમ છે? અહો આપનું માર્દવ ( નમ્રપણું ) કેવું રૂડું છે? અહો આપની ક્ષમા કેવી ઉત્તમ છે? અને આપની સંતોષ વૃત્તિ કેવી શ્રેષ્ઠ છે. (૧૫)

હે ભગવંત! આપ અહિં પ્રગટ જ ઉત્તમ છો! વળી આપની ઇચ્છા–મનોરથ વડે કરીને પણ ઉત્તમ છો અને અંતે પણ કર્મમલને ટાળીને આપ મોક્ષ નામનું સર્વોત્તમ સ્થાનજ પામવાના છો. (૧૬)

આચાર્ય મહારાજને કરેલો નમસ્કાર જીવને હજારો ગમે ભવભય થકી મુકત કરે છે. અને તે ભાવ સહિત કરવામાં આવતો નમસ્કાર જીવને સમકિતનો લાભ આપે છે. (૧૭)

ભાવાચાર્યને ભાવસહિત કરેલો નમસ્કાર સર્વ પાપને પ્રકર્ષે કરીને નાશ કરનારો થાય છે. અને તે સર્વ મંગલમાં ત્રીજું મંગલ છે. ૧૮. ઇતિશમ.

ॐ

प्रभुश्रीसोमसुंदरसूरिपादैरुपदिष्टं

# સંવિગ્નસાધુ યોગ્યં નિયમકુલકમ્.

ભુવણિક્કપઈવસમં, વીરં નિયગુરૂપએ અ નમિઊણં;
વીરઇઅર દિક્ખિઆણં. જુગ્ગે નિયમે પવખ્ખામિ. ૧
નિઅઉઅરપૂરણફલા, આજીવિઅમિત્તં હોઇ પવજ્જા;
ધૂલિહડીરાયત્તણજ્જ-સરિસા. સવ્વેસિં હસણિજ્જા. ૨
તમ્હા પંચાયારા,—રાહણહેઉં ગહિજ્જ ઇઅં નિઅમે;
લોઆઇકટ્ઠરૂવા, પવ્વજ્જા જહ ભવે સફલા. ૩

પંચાચાર નિયમાઃ—તત્ર જ્ઞાનાચારે યથા—

નાણાઽરાહણહેઉં, પઇદિઅહં પંચગાહ પઢણં મે;
પરિવાડીઓ ગિણ્હે, પણગાહાણં ચ સઠ્ઠી ય. ૪
અણ્ણેસિં પઢણત્થં, પણગાહાઓ લિહેમિ તહ નિચ્ચં;
પરિવાડીઓ પંચ ય, દેમિ પઢંતાણ, પયદિયહં ૫

૧. ત્રણ ભુવનને વિષે એક (અસાધારણ) પ્રદીપ સમાન શ્રી વીર પ્રભુને અને નિજ ગુરૂનાં ચરણ કમળને નમીને સર્વ વિરતિવંત-સાધુ જનો યોગ્ય (સુખે નિર્વહી શકાય એવા) નિયમો હું (સોમસુંદર સૂરિ) કહીશ.

૨. યોગ્ય નિયમોનું પાલન કર્યા વગરની પ્રવ્રજ્યા (દીક્ષા) ફક્ત નિજ ઉદર પૂરણ કરવા રૂપ આજીવિકા ચલાવવા માત્ર ફળવાળી કહી છે. અને એવી દીક્ષા (તો) હોળીના રાજા(ઘેલાજી)ની જેવી સહુ કોઇને હસવા યોગ્ય બને છે.

૩. તે માટે પંચાચાર (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય-આચાર) ના આરાધન હેતેં લોચાદિક કઠણ નિયમો ગ્રહણ કરવા જોઇએ કે જેથી (આદરેલી) પ્રવ્રજ્યા સફળ થાય.

"જ્ઞાનાચાર સંબંધી નિયમો"

૪. જ્ઞાન આરાધન હેતેં મ્હારે હમેશાં પાંચ ગાથાઓ ભણવી. કંઠાગ્ર કરવી અને પરિપાટીથી (ક્રમવાર) પાંચ પાંચ ગાથાનો અર્થ ગુરૂ સમીપે ગ્રહણ કરવો.

૫. વળી હું બીજાઓને ભણવા માટે હમેશાં પાંચ ગાથાઓ લખું. અને ભણનારાઓને હમેશાં પરિપાટીથી (ક્રમવાર) પાંચ પાંચ ગાથા આપું. (ભણાવું-અર્થ ધરાવું વિગેરે)

વાસાસુ પંચસયા, અટ્ઠય સિસિરે અ તિન્નિ ગિમ્હંમિ;
પઇદિયહં સજ્ઝાયં, કરેમિ સિદ્ધંતગુણણેણ. ૬
પરમિટ્ઠિનવપયાણં,સયમેગં પયદિણં સમરામિ અહં;

ઇતિજ્ઞાનાચારનિયમાઃ, અથદર્શનાચારે યથા—

અહ દંસણઆયારે, ગહેમિ નિઅમે ઇમે સમ્મં. ૭
દેવે વંદે નિચ્ચં, પણસક્કથ્થએહિં એકવારમહં;
દોતિન્નિય વા વારા, પઇજામં વા જહાસત્તિ. ૮
અટ્ઠમીચઉદ્દસ્સીસું, સવ્વાણ વિચેઇયાઇં વંદિજ્જા;
સવ્વેવિ તહા મુણિણો,સેસદિણે ચેઈઅં ઇક્કં. ૯
પઇદિણ તિન્નિય વારા, જિટ્ઠે સાહૂ નમામિ નિઅમેણં;
વેયાવચ્ચં કિંચી, ગિલાણ વુઢ્ઢાઇણં કુવ્વે. ૧૦

૬. સિદ્ધાંત-પાઠ ગણવા વડે વર્ષા ૠતુમાં પાંચસો, શિશિર ૠતુમાં આઠસો, અને ગ્રીષ્મ ૠતુમાં ત્રણસો ગાથા પ્રમાણ સજ્ઝાય ધ્યાન સદાય કર્યા કરૂં.

૭ પરમેષ્ઠી નવપદ (નવકાર મહામંત્ર) નું એકસો વાર હું સદાય રટણ કરૂં.

"દર્શનાચારના નિયમો"

હવે દર્શનાચારમાં આ નીચે મુજબ નિયમો હું સમ્યગ્ [યથાર્થ] ભાવે ગ્રહણ કરૂં છું.

૮ પાંચ શક્રસ્તવ વડે સદાય એક વખત દેવવંદન કરૂં જ અથવા બે વખત, ત્રણ વખત કે પહોરે પહોરે યથાશક્તિ આળસ રહિત દેવવંદન કરૂં.

૯ દરેક અષ્ટમી ચતુર્દશીને દિવસે સઘળાં દેરાસરો જુહારવાં તેમજ સઘળાય મુનિજનોને વાંદવા. ત્યારે બાકીના દિવસે એક દેરાસરે (તો) અવશ્ય જાવું.

ઇતિદર્શનાચારનિયમાઃ, અથચારિત્રાચારે ઇર્યાસમિતૌ યથા—
અહ ચારિત્તાયારે, નિયમગ્ગહણં કરેમિ ભાવેણં;
બહિભૂગમણાઈસું, વજ્જે વત્તાઇં ઇરિયથ્થં. ૧૧
અપમજ્જિયગમણંમિ અ, સંડાસા પમજ્જિઉં ચ ઉવવિસણે;
પાઉંછણયં ચ વિ—ઉવવિસણે પંચનમુક્કારા ૧૨

અથ ભાષાસમિતૌ નિયમા, યથા—
ઉગ્ઘાડેણ મુહેણં, નો ભાસે અહુવ જત્તિયા વારા;
ભાસે તત્તિઅમિત્તા, લોગસ્સ કરેમિ ઉસ્સગ્ગં. ૧૩
અસણે તહ પડિક્કમણે, વયણં વજ્જે વિસેસકજ્જવિણા;
સિક્કિય મુવહિં ચ તહા, પડિલેહંતો ન બેમિ સયા ૧૪

અથએષણાસમિતૌનિયમાઃ, યથા—

અનેજવે લજ્જાંતે, વિહરે નો ધાવણું સકજેણું;
અગલિઅજલં ન વિહરે, જરવાણીયં વિસેસેણં. ૧૫

૧૦ હમેશાં વડિલ સાધુને નિશ્ચે ત્રણ વાર [ ત્રિકાળ ] વંદન કરૂંજ અને બીજા ગ્લાન ( વ્યાધિગ્રસ્ત ) તેમજ વૃદ્ધાદિક મુનિજનોનું વૈયાવચ્ચ યથાશક્તિ કરૂં.

"ચારિત્રાચાર સંબંધી નિયમો."

૧૧ હવે ચારિત્રાચાર વિષે નીચે મુજબ નિયમો ભાવ સહીત અંગિકાર કરૂં છું. ઇર્યા સમિતિ[૧] —વડી નીતિ, લઘુ નીતિ કરવા અથવા આહાર પાણી વહોરવા જતાં ઇર્યાસમિતિ પાળવા માટે ( જીવ રક્ષા અર્થે ) વાટમાં વાર્તાલાપ વિગેરે કરવાનું વર્જુ-ત્યાગ કરૂં.

૧૨ યથાકાળે પુંજ્યા પ્રમાર્જ્યા વગર ચાલ્યાં જવાય તો, અંગ પડિલેહણા પ્રમુખ સંડાસા પડિલેહ્યા વગર બેસી જવાય તો અને કટાસણા ( કાંબળી ) વગર બેસી જવાય તો ( તત્કાળ ) પાંચ નમસ્કાર કરવા ( ખમાસમણા દેવા ) અથવા પાંચ નવકાર મંત્રનો જાપ કરવો.

૧૩. ભાષાસમિતિ[૨]—ઉઘાડે મુખે ( મુહપત્તિ રાખ્યા વગર ) બોલુંજ નહિં. તેમ છતાં ગફલતથી જેટલી વાર ખુલ્લા-મુખે બોલી જાઉં તેટલી વાર ( ઇરિયાવહી પૂર્વક ) લોગસ્સનો કાઉસ્સગ્ગ કરૂં.

૧૪ આહાર પાણી કરતાં તેમજ પ્રતિક્રમણ કરતાં કોઇ મહત્વના કાર્ય વગર કોઇને કાંઇ કહું નહિ એટલે કે કોઇ સંગાતે વાર્તાલાપ કરૂં નહિં. એજ રીતે આપણી ( મુખે નિર્વહી શકાય અને ઉપયોગમાં લહી શકાય એટલી બધી ) ઉપધિની પડીલેહણા કરતાં હું કદાપિ બોલું નહિ.

૧૫ એષણા સમિતિ[૩]—બીજાં નિર્દોષ પ્રાસુક (નિર્જીવ) જળ મળતાં હોય ત્યાં સુધી પોતાને પ્રયોજન ( ખપ ) છતાં ધોણ (વાણું જળ) હું ગ્રહણ કરૂં નહિં. વળી અણગળ ( ગાળ્યા વગરનું ) જળ હું લહું નહિ અને જરવાણી[૧] તો વિશેષ કરીને લહું નહિ.

અથ આદાનનિક્ષેપણસમિતિનિયમાઃ, યથા—

સિક્કિયમુવહિમાઇ, પમજ્જિઉં નિક્ખિવેમિ ગિન્હેમિ;
જઇ ન પમજ્જેમિ તઓ, તત્થેવ કહેમિ નમુક્કારં. ૧૬
જત્થ વ તત્થવ ઉજ્ઝણિ, દંડગઉવહીણ અંબિલં કુવ્વે;
સયમેગં સજ્ઝાયં; ઉસ્સગ્ગે વા ગણેમિ અહં. ૧૭

અથ પારિઠાવણિયાસમિતિનિયમાઃ, યથા—

મત્તગપરિઠ્ઠવણંમિ અ, જીવવિણાસે કરેમિ નિવ્વિયં,
અવિહીઇ વિહરિઊણં, પરિઠવણે અંબિલં કુવ્વે. ૧૮
અણુજાણહ જસ્સુગ્ગહ, કહેમિ ઉચ્ચારમત્તગઠાણે;
તહ સન્ના ડગલગ જોગ, કપ્પતિપ્પાઇ વોસિરે તિઅગં. ૧૯

અથ ગુપ્તિત્રયનિયમાઃ, યથા—

રાગમયે મણવયણે, ઇક્કિક્કં નિવ્વિયં કરેમિ અહં;
કાયકુચિટ્ઠાએ પુણો, ઉવવાસં અંબિલં વા વિ. ૨૦

૧૬ આદાન—નિક્ષેપણાસમિતિ[૪]—આપણી પોતાની ઉપધિ પ્રમુખ પુંજી—પ્રમાર્જીને તેને ભૂમિ ઉપર સ્થાપન કરૂં તેમજ ભૂમિ ઉપરથી ગ્રહણ કરૂં. જો તેમ પુંજવા પ્રમાર્જવામાં ગફલત થાય તો ત્યાંજ નવકાર મહામંત્રનો ઉચ્ચાર કરૂં ( નવકાર ગણું

---

૧ ઝરણનું—જળ ભરેલા માટીના વાસણમાંથી ટપકેલું પાણી સંભવે છે.

૧૭ દાંડો પ્રમુખ પોતાની ઉપધિ જ્યાં ત્યાં (અસ્તવ્યસ્ત-ઢંગ ધડા વગર) મૂકી દેવાય તો તે બદલ એક આયંબિલ કરૂં અથવા ઉભા ઉભા કાઉસગ્ગ મુદ્રાએ રહી એક સો શ્લોક યા સો ગાથા જેટલું સજઝાય ધ્યાન કરૂં.

૧૮ પારિઠાવણિયા સમિતિ[૫]—લઘુનીતિ વડીનીતિ કે ખેળાદિકનું ભાજન પરઠવતાં કોઇ જીવનો વિનાશ થાય તો નિવી કરૂં અને અવિધિથી (સદોષ) આહાર પાણી પ્રમુખ વહોરીને પરઠવતાં એક આયંબિલ કરૂં.

૧૯ વડીનીતિ કે લઘુનીતિ કરવાના કે પરઠવવાના સ્થાને 'અણુજાણહ જસ્સુગ્ગહો' પ્રથમ કહું, તેમજ તે લઘુ-વડી નીતિ પાણી લેપ અને ડગલ પ્રમુખ પરઠવ્યા પછી ત્રણ વાર 'વોસિરે' કહું.

૨૦ મન-વચન-કાય ગુપ્તિ (૬-૭-૮)—મન અને વચન રાગમય-રાગાકુળ થાય તો હું એક એક નિવિ કરૂં. અને જો કાયકુચેષ્ટા થાય-ઉન્માદ જાગે તો ઉપવાસ અથવા આયંબિલ કરૂં.

અહિંસાવ્રતે નિયમાઃ, યથા—

બેંદિયમાઈણ વહે, ઇંદિઅસંખા કરેમિ નિવ્વિયયા;

સત્યવ્રતે નિયમાઃ, યથા—

ભયકોહાઇવસેણં, અલીયવયણંમિ અંબિલયં; ૨૧

અસ્તેયવ્રતે નિયમાઃ, યથા—

પઢમાલિયાઇ ન ગિન્હે, ધયાઈ વત્થૂણ ગુરૂઅદિટ્ઠાણં;
દંડગતપ્પણગાઈ, અદિન્નગહણે ય અંબિલયં. ૨૨

બ્રહ્મવ્રતે નિયમાઃ, યથા—

એગત્થીહિં વત્તિં, ન કરે પરિવાડિદાણ મવિ તાસિં,

પરિગ્રહપરિહારવ્રતે નિયમાઃ, યથા—

ઇગવરિસારિહમુવહિં, ઠાવે અહિગં ન ઠાવેમિ. ૨૩

પત્તગ ટુપ્પરગાઇ, પનરસ ઉવરિંન ચેવ ઠાવેમિ;

રાત્રિભોજનવિરમણવ્રતે નિયમાઃ, યથા—

આહારાણ ચઉન્હં, રોગે વિ અ સંનિહં ન કરે. ૨૪

મહરોગે વિ અ કાઢં, ન કરેમિ નિસાઇ પાણીયં ન પિએ;

સાયં દોઘડિયાણં, મજ્ઝે નીરંપિ ન પિએમિ. ૨૫

"મહાવ્રત સંબંધિ નિયમો"

૨૧. અહિંસાવ્રતે—બે ઇંદ્રિય પ્રમુખ જીવની વિરાધના (પ્રાણ હાનિ) મારા પ્રમાદાચરણથી થઇ જાય તો તેની ઇંદ્રિયો જેટલી નિવિઓ કરૂં. સત્યવ્રતે-ભય, ક્રોધ લોભ અને હાસ્યાદિકને વશ થઇ જઇ જુઠું બોલી જાઉં તો આંબિલ કરૂં.

૨૨. અસ્તેય વ્રતે—પઢમાલિયા (પ્રથમ ભિક્ષા?) માં આવેલા જે ઘૃતાદિક પદાર્થ ગુરૂ મહારાજને દેખાડ્યા વગરના હોય તે હું લહું નહિં (વાપરૂં નહિં) અને દાંડા, તર્પણી વગેરે બીજાની રજા વગર લહું-વાપરૂં તો આંબિલ કરૂં.

૨૩. બ્રહ્મવ્રતે-એકલી સ્ત્રી સંગાતે વાર્તાલાપ ન કરૂં અને સ્ત્રીઓને (સ્વતંત્ર) ભણાવું નહિં. પરિગ્રહપરિહારવ્રતે-એક વર્ષ યોગ્ય (ચાલે તેટલીજ) ઉપધિ રાખું. પણ એથી અધિક ન જ રાખું.

૨૪ પાત્રાં અને કાચલાં પ્રમુખ પંદર ઉપરાંત નજ રાખું. રાત્રિભોજનવિરમણવ્રતે-અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચાર પ્રકારના આહારનો (લેશ માત્ર) સંનિધિ, રોગાદિક કારણે પણ રાખું-કરૂં નહિં.

૨૫ મહાન્ રોગ થયો હોય તો પણ ક્વાથ ન કરૂં-ઉકાળો પીઉં નહીં, તેમજ રાત્રી સમયે જળપાન કરૂં નહિં. અને સાંજે છેલ્લી બે ઘડીમાં (સૂર્યાસ્ત પહેલાંની બે ઘડીના કાળમાં) જળ) પાન પણ કરૂં નહિં તો પછી બીજા અશનાદિક આહાર કરવાની તો વાતજ શી?

અહવા નિચ્છિઅ સૂરે, કાલે નીરં કરેમિ સયાકાલં;
અણહારેસહસંનિહિ,–મવિ નો ઠાવેમિ વસહીએ. ૨૬

ઇતિ ચારિત્રાચારનિયમાઃ, અથતપાચારનિયમાઃ, યથા–

તવઆયારે ગિન્હે, અહ નિયમે કઇવિ સત્તીએ;
ઓગાહિયં ન કપ્પઇ, છટ્ઠાઇતવં વિણા ઉ જોગં ચ. ૨૭
નિવ્વિયતિગં ચ અંબિલ,–દુગં ચ વિણુ નો કરેમિ વિગયમહં;
વિગઇ દિણે ખંડાઇ, ણકાર નિયમો અ જાજ્જીવં. ૨૮
નિવ્વિયાઇં ન ગિન્હે, નિવ્વિયતિગમજ્ઝિ વિગઇ દિવસે અ;
વિગઈ નો ગિન્હેમિ ય, દુન્નિ દિણે કારણં મુ-તું. ૨૯
અટ્ઠમીચઉદ્દસીસું, કરે અહં નિવ્વિયાઇં તિન્નેવ;
અંબિલદુગં ચ કુવ્વે, ઉવવાસં વા જહાસત્તિં. ૩૦

૨૬ અથવા સૂર્ય નિશ્ચે દેખાતે છતેજ ઉચિત અવસરે સદાય જળપાન કરી લહું-સૂર્યાસ્ત પહેલાં જ સર્વ આહાર સંબંધી પચ્ચખ્ખાણ કરી લહું. અને અણાહારી ઔષધનો સંનિધિ પણ ઉપાશ્રયમાં રાખું-રખાવું નહિ.

"તપ આચાર સંબંધી નિયમો"—

૨૭ હવે તપ આચાર વિષે કેટલાક નિયમો શક્તિ અનુસારે ગ્રહણ કરૂં છું. છઠ્ઠ (સાથે બે ઉપવાસ) આદિક તપ કર્યો હોય તેમ જ યોગ વહન કરતો હોઉં તે વગર મને અવગાહિત? ભિક્ષા લેવી કલ્પે નહિ.

૨૮ લાગલાગાં ત્રણ નીવીઓ અથવા બે આંબિલ કર્યા વગર હું વિગઇ (દૂધ દહીં ઘી પ્રમુખ ) વાપરૂં નહિં અને વિગઈ વાપરૂં તે દિવસે ખાંડ પ્રમુખ વિશિષ્ઠ ( સાથે મેળવી નહિ વાવરવાનો ) નિયમ જાવજીવ સુધી પાળું.

૨૯ ત્રણ નીવી લાગોલાગ થાય તે દરમીયાન તેમજ વિગઈ વાપરવાના દિવસે નવિયાતાં ગ્રહણ કરૂં નહિં-વાપરૂં નહિ. તેમજ બે દિવસ સુધી લાગટ કોઈ તેવા પુષ્ટ કારણ વગર વિગઈ વાપરૂં નહિ.

૩૦ પ્રત્યેક અષ્ટમી અને ચતુર્દશીને દિવસે શક્તિ હોયતો ઉપવાસ કરૂં, નહિ તો તે બદલ બે આંબિલ અથવા ત્રણ નિવિઓ પણ કરી આપું.

દવ્વખિત્તાઇગયા, દિણે દિણે અભિગ્ગહેઅવ્વા;
જીયંમિ જઓ ભણિઅં, પચ્છિત્તમભિગ્ગહાભાવે. ૩૧

ઇતિતપાચારનિયમાઃ, અથ વીર્યાચારનિયમાઃ,યથા—

વિરિયાયારનિયમે, ગિન્હે કઇઅવિ જહાસત્તિ;
દિણ પણ ગાહાઇણં, અથ્થં ગિન્હે મણેણ સયા. ૩૨

પણ વારં દિણ મજ્ઝે, પમાયયંતાણ દેમિ હિયસિખ્ખં;
એગં પરિઠવેમિ અ, મત્તયં સવ્વસાહૂણં. ૩૩

ચઉવીસં વીસં વા, લોગસ્સ કરેમિ કાઉસ્સગ્ગંમિ;
કમ્મખયટ્ઠા પઇદિણ, સજ્ઝાયં વા વિ તમ્મિત્તં. ૩૪

નિદ્દાઇપમાએણં, મંડલિભંગે કરેમિ અંબિલયં;
નિયમા કરેમિ એગં, વિસ્સામણયં ચ સાહૂણં. ૩૫

૩૧ પ્રતિદિન દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવગત અભિગ્રહ* ધારણ કરવા કેમકે અભિગ્રહ ન ધારીએ તો પ્રાયશ્ચિત આવે એમ જીત કલ્પમાં ભાખ્યું છે.

" વીર્યાચાર સબંધી નિયમો "

૩૨ વીર્યાચાર સંબંધી કેટલાક નિયમો યથાશક્તિ હું ગ્રહણ કરૂં છું. સદા-સર્વદા પાંચ ગાથાદિકના અર્થ હું ગ્રહણ કરી મનન કરૂં.

૩૩ આખા દિવસમાં સંયમ માર્ગમાં (ધર્મકાર્યમાં)પ્રમાદ કરનારાઓને હું પાંચ વાર હિતશિક્ષા (શિખામણ) આપું અને સર્વ સાધુઓનું એક માત્રક (પરઠવવાનું ભાજન) પરઠવી આપું.

૩૪ પ્રતિદિવસ કર્મક્ષય અર્થે ચોવીશ કે વીશ લોગસ્સનો કાઉસગ્ગ કરૂં, અથવા એટલા પ્રમાણમાં સજ્ઝાય ધ્યાન કાઉસ્સગમાં રહી સ્થિરતાથી કરૂં.

૩૫. નિદ્રાદિક પ્રમાદવડે મંડલીનો ભંગ થઇ જાય ( મંડળીમાં બરાબર વખતે હાજર ન થઇ શકું ) તો એક આંબિલ કરૂં. અને સહુ સાધુ જનોની એક વખત વિશ્રામણા-વૈયાવચ્ચ નિશ્ચે કરૂં.

સેહગિલાણાઈણં, વિણાવિ સંધાડયાઈસંબંધં;
પડિલેહણમલ્લગપરિ–ઠવણાઈ કુવ્વે જહાસત્તિ. ૩૬
ઇતિવીર્યાચારનિયમાઃ અથ દશવિધસમાચારીવિષયાનિયમાઃ યથા-
વસહી પવેસિ નિગ્ગમિ, નિસીહિ આવસ્સિયાણ વિસ્સરણે;
પાયાડપમજ્જણે વિ ય, તત્થેવ કહેમિ નવકારં. ૩૭
ભયવં પસાઉ કરિઉં, ઇચ્છાઇ અભાસણંમિ વુઢ્ઢેસુ;

*અમુક વસ્તુ અમુક સ્થળે અમુક વખતે અને અમુક રીત્યે મળે તે જ ભિક્ષા વખતે લેવી એવા પ્રકારની વિશિષ્ટ પ્રતિજ્ઞા ધારવી તે.

ઇચ્છાકારાડકરણે, લહુસુ સાહૂસુ કજ્જેસુ. ૩૮
સવ્વત્થવિ ખલિએસું, મિચ્છાકારસ્સ અકરણે તહ ય;
સયમન્નાઉ વિ સરિએ, કહિયવ્વો પંચ નવકારો. ૩૯
વુડ્ઢસ્સ વિણા પુચ્છં, વિસેસવત્થું ન દેમિ ગિન્હે વા;
અન્નંપિ અ મહકજ્જં, વુડ્ઢં પુચ્છિય કરેમિ સયા. ૪૦

ઇતિ દશવિધસામાચારીવિષયાઃ કિયન્નિયમાઃ

૩૬ સંઘાડાદિકનો કશો સંબંધ ન હોય તો પણ લઘુ શિષ્ય (બાળ)અને ગ્લાન સાધુ પ્રમુખનું પડિલેહણ કરી આપું તેમજ તેમના ખેળ પ્રમુખમળની કુંડીને પરઠવવા વિગેરે કામ પણ હું યથાશક્તિ કરી આપું.

"સામાચારી વિષે નીયમો."

૩૭ વસતિ ( ઉપાશ્રય-સ્થાન ) માં પ્રવેશતાં નિસીહી અને તેમાંથી નિકળતાં આવસ્સહી કહેવી ભૂલી જાઉં તેમ જ ગામમાં પેસતાં કે નિસરતાં પગ પુંજવા વિસરી જાઉં તો (યાદ આવે તે જ સ્થળે ) નવકાર મંત્ર ગણું.

૩૮-૩૯ કાર્ય પ્રસંગે વૃદ્ધ સાધુઓને હે ભગવાન્ ! પસાય કરી અને લઘુ સાધુને 'ઇચ્છકાર' એટલે તેમની ઇચ્છા અનુસારે જ કરવાનું કહેવું ભૂલી જાઉં, તેમજ સર્વત્ર જ્યારે જ્યારે ભૂલ પડે ત્યારે ત્યારે 'મિચ્છાકાર' એટલે મિચ્છામિ દુક્કડં એમ કહેવું જોઇએ તે વિસરી જાઉં તો જ્યારે મને પોતાને સાંભરી આવે અથવા કોઇ હિતસ્વી સંભારી આપે ત્યારે તત્કાળ મ્હારે નવકાર મંત્ર ગણવો.

૪૦ વૃદ્ધ ( વડીલ ) ને પૂછયા વગર વિશેષ વસ્ત્ર ( અથવા વસ્તુ ) લઉં દઉં નહિં અને મ્હોટાં કામ વૃદ્ધ (વડીલ) ને પૂછીને જ સદાય કરૂં, પણ પૂછયા વગર કરૂં નહિં,

દુબ્બલ સંઘયણાણ વિ, એએ નિયમા સુહાવહા પાયં;
કિંચિવિ વેરગ્ગેણં, ગિહિવાસો છડ્ડિઓ જેહિં. ૪૧

સંપઇકાલે વિ ઇમં, કાઉં સક્કે કરેઇ નો નિઅમે;
સો સાહુત્ત ગિહિત્તણ, ઉભય ભટ્ઠો મુણેયવ્વો. ૪૨

જસ્સ હિઅયંમિ ભાવો, થોવો વિ ન હોઇ નિયમગહણંમિ;
તસ્સ કહણં નિરથ્થય,–મસિરાવણિ કૂવખણણં વ. ૪૩

સંઘયણકાલબલદૂસમા,–રયાલંબણાઇં ઘિતુણં;
સવ્વં ચિઅ નિઅમ ધુરં, નિરુજ્જમાઓ પમુચ્ચંતિ. ૪૪

વુચ્છિન્નો જિણકપ્પો, પડિમાકપ્પો અ સંપઇ નથ્થિ;
સુદ્ધો અ થેર કપ્પો, સંઘયણાઈ ણિ હાણીએ. ૪૫

૪૧ જેમનો શરીરનો બાંધો નબળો છે એવા દુર્બળ સંઘયણવાળા છતા પણ જેમણે કંઇક વૈરાગ્યથી ગૃહસ્થ વાસ છાંડયો છે તેમને આ ઉપર જણાવેલા નિયમો પાળવા પ્રાય: સુલભ છે.

૪૨ સંપ્રતિ કાળે પણ સુખે પાળી શકાય એવા આ નિયમોને જે આદરે પાળે નહિં, તે સાધુપણાથકી અને ગૃહસ્થ પણા થકી ઉભય ભ્રષ્ટ થયો જાણવો.

૪૩ જેના હૃદયમાં ઉક્ત નિયમો ગ્રહણ કરવાનો લગારે ભાવ ન હોય તેમને આ નિયમ સંબંધી ઉપદેશ કરવો એ સિરા–સર વગરના સ્થળે કુવો ખોદવા જેવો નિરર્થક–નિષ્ફળ થાય છે.

૪૪ નબળાં સંઘયણુ, કાળ, બળ, અને દુષમ આરો આદિ હીણાં આલંબન પકડીને પુરૂષાર્થ વગરના પામર જીવો આળસ પ્રમાદથી બધી નિયમ ધુરાને છંડી દે છે.

૪૫ ( સંપ્રતિ કાળે ) જિનકલ્પ વ્યુચ્છિન્ન થયેલો છે. વળી પ્રતિમાકલ્પ પણુ અત્યારે વર્તતો નથી તથા સંઘયણાદિકની હાનીથી શુદ્ધ સ્થવીરકલ્પ પણુ પાળી શકાતો નથી.

તહવિ જઇએઅ નિયમા-રાહણુવિહિએ જએજ્જ ચરણંમિ;
સમ્મમુવઉત્તચિતો, તો નિયમારાહગો હોઇ. ૪૬
એ એ સવ્વે નિયમા, જે સમ્મં પાલયંતિ વેરગ્ગા;
તેસિં દિખ્ખાગહિઆ, સફલા સિવસુહફલં દેઇ. ૪૭

ઇતિશ્રી સોમસુંદરસૂરિપાદૈરૂપદિષ્ટં સંવિજ્ઞસાધુયોગ્ય નિયમ કુલકમ્ સમાપ્ત.

૪૬ તો પણુ જો મુમુક્ષુઓ આ નિયમોના આરાધન વિધિવડે સમ્યગ્ ઉપયુક્ત ચિત્ત થઇ ચારિત્ર સેવનમાં ઉજમાળ બનશે તો તે નિયમા–નીશ્ચે આરાધક ભાવને પામશે.

૪૭ આ સર્વે નિયમોને જે ( શુભાશયો ) વૈરાગ્યથી સમ્યગ્ રીત્યા પાળે છે, આરાધે છે તેમની ગ્રહણુ કરેલી દીક્ષા સફળ થાય છે એટલે તે શીવ સુખ ફળને આપે છે. ઇતિ શમ.

ઇતિશ્રી સંવિજ્ઞ સાધુ યોગ્ય નીયમ કુલક ભાષાંતર સમાપ્ત. સંવત્ ૧૯૫૭ ના વર્ષમાં લખાયેલી પ્રત ઉપરથી સુધારીને તૈયાર કરેલ છે.

## અથ પુણ્ય કુલકમ્.

સંપુન્નઇંદિયત્તં, માણુસત્તં ચ આયરિયખિત્તં;
જાઇકુલજિણધમ્મો, લબ્ભંતિ પભૂયપુણ્ણેહિં. ૧
જિણચલણકમલસેવા, સુગુરૂપાયપજ્જુવાસણં ચેવ;
[1]સજ્ઝાયવાયવડત્તં, લબ્ભંતિ પભૂય પુણ્ણેહિં. ૨
સુદ્ધો બોહો સુગુરૂહિં, સંગમો ઉવસમં દયાલુત્તં;
દાખિન્નં કરણંજં, લબ્ભંતિ પભૂયપુણ્ણેહિં. ૩
સંમત્તં નિચ્ચલંતં, વયાણ પરિપાલણં અમાયત્તં;
પઢણં ગુણણં વિણઓ, લબ્ભંતિ પભૂયપુણ્ણેહિં. ૪
ઉસ્સંગ્ગે અવવાયે, નિચ્છહવિવહારંમિ નિઉણત્તં;
મણવયણકાયસુદ્ધી, લબ્ભંતિ પભૂયપુણ્ણેહિં ૫

૧ સંપૂર્ણ ઇંદ્રિયપણું–કંઇ પણ ખોડ ખાંપણ વગરની સઘળી ( પાંચે ) ઇન્દ્રિયોની પ્રાપ્તિ, મનુષ્યપણું, આર્યક્ષેત્રમાં અવતાર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ અને વીતરાગ ભાષિત–જિન ધર્મ એ સઘળાં વાનાં પ્રભુત ( પુષ્કળ ) પુન્યથી પ્રાપ્ત થઇ શકે છે.

૨ જિન–અરિહંતના ચરણકમળની સેવા–ભક્તિ, અને સદ્ગુરૂના ચરણની પર્યુપાસના, સજ્ઝાય ધ્યાન તથા ધર્મવાદમાં વડાપણું–પરાભવ નહિં પામવાપણું એ સઘળાં વાનાં પ્રભુત પુન્ય યોગે પ્રાપ્ત થઇ શકે છે.

૩ શુદ્ધબોધિબીજ રૂપ સમકિતરત્નનું પામવું, સુગુરૂનો સમા-

---

૧ "સબ્ભાવવાયવડંતં" એવોજ પાઠ હોય તો સદ્ભૂત યથાતથ્ય વાદમાં અપરાજિતપણું એવો અર્થ સંભવે છે

ગમ, ઉપશમ ભાવ-શમતા, દયાળુપણું, અને દાક્ષિણ્યતા ગુણનું પાલન એ બધાં વાનાં પ્રભુત પુન્યયોગે પ્રાપ્ત થાય છે.

૪ સમ્યકત્વ ( સમકિત ) માં નિશ્ચળતા, વ્રતોનું (અથવા બોલેલા વચનોનું ) પરિપાલન, નિર્માયીપણું, ભણવું, ગણવું અને વિનય એ બધાં વાનાં મહાપુન્ય યોગે પ્રાપ્ત થઈ શકે છે.

૫ ઉત્સર્ગ-વિધિમાર્ગ અને અપવાદ-નિષેધમાર્ગ તેમાં તથા નિશ્ચય-સાધ્યમાર્ગ અને વ્યવહાર-સાધનમાર્ગ તેમાં નિપુણપણું, તેમજ મન વચન કાયાની શુદ્ધિ-પવિત્રતા-નિર્દોષતા-નિષ્કલકતા એ બધાં વાનાં પ્રભુત પુન્યના યોગે પ્રાણીને પ્રાપ્ત થઇ શકે છે.

અવિયારં તારૂન્નં, જિણાણ રાઓ પરોવયારત્તં;
નિક્કંપયા ય ઝાણે, લબ્ભંતિ પભૂયપુણ્ણેહિં. ૬
પરનિંદાપરિહારો, અપ્પસંસા અત્તણો ગુણાણ ચ;
સંવેગો નિવ્વેઓ, લબ્ભંતિ પભૂયપુણ્ણેહિં. ૭
નિમ્મલસીલાબ્ભાસો, દાણુલ્લાસો વિવેગસંવાસો;
ચઉગઇદુહસંતાસો, લબ્ભાંત પભૂયપુણ્ણેહિં. ૮
દુક્કડગરિહા સુકડા-ણુમોયણ પાયચ્છિત તવચરણ;
સુહઝાણ નમુક્કારો, લબ્ભંતિ પભૂયપુણ્ણેહિં. ૯
ઇયગુણમણિભંડારો, સામગ્ગી પાવિઊણ જેણકઓ;
વિચ્છિન્નમોહપાસા, લહંતિ તે સાસયં સુખ્ખં. ૧૦

૬ નિર્વિકાર-વિકાર વગરનું યૌવન, જિન શાસન ઉપર ચોળમજીઠ જેવો રાગ, પરોપકારીપણું અને ધ્યાનમાં નિશ્ચલતા એ બધાં વાનાં મહાપુન્ય યોગે પ્રાપ્ત થઇ શકે છે.

૭ પરનિંદાનો ત્યાગ અને આપણા ગુણોનાં [illegible] પ્રસંસાથી

દૂર રહેવું, તેમજ સંવેગ-મોક્ષાભિલાષ અને નિર્વેદ-ભવ વૈરાગ્ય એ એ બધાં વાનાં પ્રભુત પુન્ય યોગે પ્રાપ્ત થાય છે.

૮ નિર્મળ-શુદ્ધ શીલનો અભ્યાસ, સુપાત્રાદિક દાન દેતાં ઉલ્લાસ, હિતાહિત સંબંધી વિવેક સહિતપણું અને ચાર ગતિનાં દુઃખથકી સંપૂર્ણ ત્રાસ એ બધાં વાનાં મહા પુન્યના યોગે પ્રાપ્ત થાય છે.

૯ કરેલાં પાપ કૃત્યની આલોચના-નિંદા, સારાં કૃત્યો કર્યાં હોય તેની અનુમોદના, કરેલાં પાપનો છેદ કરવા માટે ગુરૂ મહારાજે બતાવેલા તપનું કરવું-આચરવું, શુભ ધ્યાન ધરવું અને નવકાર મહામંત્રનો જાપ કરવો એ સઘળાં વાનાં મહા પુન્યયોગે પ્રાપ્ત થઇ શકે છે.

૧૦ આ ઉપર બતાવ્યા મુજબ ગુણમણિ-રત્નના ભંડાર જેવાં સુકૃત્યો, સઘળી રૂડી સામગ્રી પ્રાપ્ત કરીને જે મહાનુભાવો કરે છે-આચરે છે તે પુણ્યાત્માઓ સઘળા મોહપાસથી સર્વથા મુકત થઇને શાશ્વત સુખરૂપ મોક્ષ પદને પામે છે.

ઇતિ પુણ્યપ્રભાવ પ્રદર્શક શ્રી પુણ્યકુલકં.

---

## અથ દાનમહિમાગર્ભિત શ્રીદાનકુલકમ્.

પ હરિઅ રજ્જસારો, ઉપ્પાડિઅ સંજમિક્કગુરૂભારો;
ખંધાઓ દેવદૂસં, વિઅરંતો જયઉ વીરજિણો. ૧
ધમ્મત્થકામભેયા, તિવિહં દાણં જયંમિ વિખ્ખાયં;
તહવિ અ જિણિંદમુણિણો, ધમ્મદાણં પસંસંતિ. ૨
દાણં સોહગ્ગકરં, દાણં આરૂગ્ગકારણં પરમં;
દાણં ભોગનિહાણં, દાણં ઠાણં ગુણગણાણં. ૩

દાણેણ ફુરઈ કિત્તી, દાણેણ હોઇ નિમ્મલ્લા કં તિ;
દાણાવજ્જિઅહિઅઓ, વૈરી વિ હુ પાણિયં વહઇ, ૪
ધણસત્થવાહજમ્મે, જં ઘયદાણં કયં સુસાહૂણં;
તક્કારણમુસભજિણો, તેલુક્કપિયામહો જાઓ.

૧ સમસ્ત રાજ્ય ઋદ્ધિનો અનાદર કરીને સંયમ સંબંધી અતિ ઘણો ભાર જેમણે ઉપાડયો છે અને ઇન્દ્ર મહારાજે દીક્ષા સમયે સ્કંધ ઉપર સ્થાપેલું દેવદુષ્ય વસ્ત્રપણ જેમણે પછાડી લાગેલા વિપ્રને આપી દીધું તે શ્રી **વીરપ્રભુ** જયવંતા વર્તો.

૨ ધર્મ દાન, અર્થ દાન અને કામ દાન એમ ત્રણ પ્રકારનું દાન દુનીઆમાં પ્રસિદ્ધ છે. તો પણ જિનેશ્વર પ્રભુની આજ્ઞાના રસિક મુનિઓ ધાર્મિક દાનને જ પ્રશંસે છે.

૩ દાન સુખ-સૌભાગ્યકારી છે. દાન પરમ આરોગ્યકારી છે. દાન પુણ્યનું નિધાન છે એટલે ભોગફળકારી છે અને અનેક ગુણગણોનું ઠેકાણું છે.

૪ દાનવડે કીર્તિ વાધે છે, દાનથી નિર્મળ કાંતિરૂપ લાવણ્ય, સુખ સૌભાગ્ય વાધે છે અને દાનથી વશ થયેલા હૃદયવાળો દુશ્મન પણ દાતારના ઘરે પાણી ભરે છે.

૫ **ધનસાર્થવાહ**ના ભવમાં સુસાધુજનોને જે ઘીનું દાન દીધું હતું તે પુણ્યના પ્રભાવથી **ઋષભદેવ** ભગવાન્ ત્રણ લોકના પિતામહ (નાથ) થયા.

કરૂણાઈ દિન્નદાણો, જમ્મંતરગહિઅપુન્નકિરિઆણો;
તિત્થયરચક્કરિદ્ધિં, સંપત્તો સંતિનાહો વિ. ૬
પંચસયસાહુભોયણ, દાણાવજ્જિઅ સુપુન્નપપ્ભારો;

અચ્છરિઅ ચરિઅ ભરિઓ, ભરહો ભરહાહિવો જાઓ. ૭
મૂલં વિણાવિ દાઉં, ગિલાણ પડિઅરણ જોગ વથ્થૂણિ;
સિદ્ધો અ રયણકંબલ-ચંદણ વણિઓ વિ તંમિ ભવે. ૮
દાઊણ ખીરદાણં, તવેણ સુસિઅંગસાહુણો ધણિઅં;
જણજણિઅચમક્કારો, સંજાઓ સાલિભદ્દોવિ. ૯
જમ્મંતરદાણાઓ, ઉલ્લસિઆઽપુવ્વકુસલઝાણાઓ;
કયઉન્નો કયપુન્નો, ભોગાણં ભાયણં જાઓ. ૧૦

૬ પાછલા ભવમાં કરૂણાવડે પારેવાને અભયદાન આપ્યું અને પુણ્ય કરીયાણું ખરીદી લીધું તેથી **શાંતિનાથજી** તીર્થંકર અને ચક્રવર્તીની ઋદ્ધિ પામ્યા.

૭ પાંચસો સાધુઓને ભોજન દાન આપવાવડે જેણે બહુ ભારે પુણ્ય પેદા કર્યું છે એથી અને આશ્ચર્યકારક ચરિત્રથી ભરેલો એવો **ભરત** ભરતક્ષેત્રનો નાયક-ચક્રવર્તી થયો.

૮ ગ્લાન (માંદા) મુનિને વાપરવા યોગ્ય વસ્તુઓ વગર મૂલ્યે આપવાથી રત્નકંબલ અને બાવનાચંદનનો વ્યાપારી વાણીયો-**વણિક** તેજ ભવમાં સિદ્ધિપદ પામ્યો.

૯ તપસ્યાવડે શોષિત દેહવાળા સાધુ મુનિરાજને ક્ષીરનું દાન દેવાથી તત્કાળ સહુ કોઇને ચમત્કાર ઉપજાવે એવો ઋદ્ધિ પાત્ર **શાલિભદ્ર** કુમાર થયો.

૧૦ પૂર્વ જન્મમાં દીધેલા દાનના પ્રભાવથી પ્રગટ થયેલા અપૂર્વ (અદ્ભુત) શુભ ધ્યાન થકી પુણ્યશાળી એવો **કયવન્નો** શેઠ વિશાળ સુખ ભોગનો ભાગી થયો.

ધયપૂસ વથ્થપૂસા, મહરિસિણો દોસલેસપરિહીણા;

લદ્ધીઇ સ૦વગચ્છો–વગ્ગહગા સુહગઈ પત્તા. ૧૧
જીવંતસામિપડિમાએ, સાસણં વિઅરિઊણ ભત્તીએ;
પ૦વઈઊણ સિદ્ધો, ઉદાઇણો ચરમરાયરિસી. ૧૨
જિણહરમંડિઅવસુહો, દાઉં અણુકંપભત્તિદાણાઈં;
તિથ્થપ્પભાવગરેહિં, સંપત્તો સંપઇરાયા. ૧૩
દાઉં સદ્ધાસુદ્ધે, સુદ્ધે કુમ્માસએ મહામુણિણો;
સિરિમૂલદેવકુમારો, રજ્જસિરિં પાવિઓ ગરૂઆં. ૧૪
અઇદાણ મુહર કવિઅણ, વિરઇઅ સયસંખક૦વ વિચ્છરિઅં;
વિક્કમનરિંદચરિઅં, અજ્જવિ લોએ પરિપ્ફુરઇ. ૧૫

૧૧ બીલકુલ દોષ રહિત એવા ઘૃત પુષ્ય અને વસ્ત્ર પુષ્ય નામના મહા મુનિઓ સ્વલબ્ધિવડે સકળ ગચ્છની ભક્તિ કરતા છતાં સદ્ગતિને પામ્યા.

૧૨ જીવંત મહાવીર સ્વામીની પ્રતિમા માટે ભકિતથી ગામ ગરાસ આપીને છેવટે દીક્ષા ગ્રહણ કરીને ઉદાયી નામનો છેલ્લો રાજ–ઋષિ મોક્ષગતિને પામ્યો.

૧૩ જેણે પૃથ્વીને જિનચૈત્યોથી મંડિત કરી છે એવો સંપ્રતિ રાજા અનુકંપાદાન અને ભક્તિદાન દેવાવડે મહાન શાસનપ્રભાવકની પંક્તિમાં લેખાયો.

૧૪ રૂડી શ્રદ્ધાવડે–શુદ્ધ ભાવયુક્ત નિર્દોષ એવા અડદના બાકળા મહા મુનિને દેવાવડે શ્રી (જિતશત્રુ રાજાનો પુત્ર) મૂળદેવ કુમાર વિશાળ રાજ્ય લક્ષ્મીને પામ્યો.

૧૫ અતિદાન મળવાથી વાચાળ થયેલા કવિયો (પંડિતો) એ સેંકડો કાવ્યોવડે વિસ્તારેલું શ્રી વિક્રમાદિત્યરાજાનું ચરિત્ર અદ્યાપિ

પર્યંત લોકમાં પ્રસિદ્ધ થઇ ગયું છે.

તિયલોયબંધવેહિં, તબ્ભવચરિમેહિં જિણવરિંદેહિં;
કયકિચ્ચેહિં વિ દિન્નં, સંવચ્છરિયં મહાદાણં. ૧૬
સિરિ સેયંસકુમારો, નિસ્સેયસસામિઓ કહ ન હોઇ;
ફાસુઅદાણપવાહો, પયાસિઓ જેણ ભરહંમિ. ૧૭
કહ સા ન પસંસિજ્જઇ, ચંદણબાલા જિણંદદાણેણં;
છમ્માસિઅ તવ તવિઓ, નિવ્વવિઓ જિએ વીરજિણો. ૧૮
પઢમાઇ પારણાઈં, અકરિંસુ કરંતિ તહ કરિસ્સંતિ;
અરિહંતા ભગવંતો, જસ્સ ઘરે તેસિં ધુવ સિદ્ધિ. ૧૯
જિણ ભવણ બિંબ પુથ્થય, સંઘસરૂવેસુ સત્તા ખત્તેસુ;
વવિઅં ધણંપિ જાયઇ, સિવફલયમહો અણંતગુણં. ૨૦

૧૬ ત્રીલોકી બંધુ એવા જિનેશ્વરો તેજ ભવમાં મોક્ષ જવાના નિશ્ચિત અને કૃતકૃત્ય છતાં પણ તેમણે **સાંવત્સરિક** (એક વર્ષ પર્યંત) મહાદાન આપ્યું.

૧૭ જેણે પ્રાસુક (નિર્દોષ) દાનનો પ્રવાહ આ ભરતક્ષેત્રમાં ચલાવ્યો એવા શ્રી **શ્રેયાંસકુમાર** મોક્ષનો અધિકારી કેમ ન થાય?

૧૮ છ માસી તપ જેમણે કરેલો છે એવા વીરપ્રભુને જેણીએ અડદના બાકુલા પડિલાભવાવડે સંતોષ્યા તે **ચંદનબાળાની** કેમ પ્રશંસા ન કરીએ?

૧૯ અરિહંત ભગવંતોએ જેમના ઘરે પ્રથમ (તપનાં) પારણાં કર્યા છે, કરે છે અને કરશે તે ભવ્યાત્માઓ અવશ્ય મોક્ષગામીજ જાણવા.

૨૦ અહો ઇતિ આશ્ચર્યે જિનભુવન (જિનમંદિર) જિનબિંબ (પ્રતિમા) પુસ્તક અને ચતુર્વિધસંઘરૂપ સાતે ક્ષેત્રોમાં વાવેલું ધન

અનંતું અક્ષયફળ આપનારૂં થાય છે એમ સમજી ધન મમતા તજી તેનો સદ્વ્યય કરી ધનવંત લોકોએ તેનો લ્હાવો લેવો. ઇતિશમ્.

ઇતિ દાન કુલકં સમાપ્તં.

---

## અથ શીલમહિમાગર્ભિત શીલકુલકમ્.

સોહગ્ગ મહાનિહિણો, પાએ પણમામિ નેમિજિણવઇણો;
બાલેણ ભુયબલેણં, જણદ્દણો જેણ નિજ્જિણિઓ. ૧
સીલં ઉત્તમવિત્તં, સીલં જીવાણ મંગલં પરમં;
સીલં દોહગ્ગહરં, સીલં સુખ્ખાણ કુલભવણં. ૨
સીલં ધમ્મનિહાણં, સીલં પાવાણ ખંડણં ભણિયં;
સીલં જંતૂણ જએ, અકિત્તિમં મંડણં પરમં. ૩
નરયદુવારનિરૂંભણ, કવાડસંપુડસહોઅરચ્છાય;
સુરલોઅધવલમંદિર-આરૂહણે પવરનિસ્સેણિં. ૪
સિરિઉગ્ગસેણધૂયા, રાઇમઈ લહઉ સીલવઈરેહં;
ગિરિવિવરગઓ જીએ, રહનેમિ ઠાવિઓ મગ્ગે. ૫

૧ જેમણે બાલ્યાવસ્થામાં પોતાના ભુજાબળવડે કૃષ્ણજીને સર્વથા જીતી લીધા હતા તે સુખ **સૌભાગ્યના સમુદ્ર એવા શ્રી નેમિનાથ** પ્રભુનાં ચરણ કમળને હું પ્રણમું છું.

૨ **શીલ-સદાચરણજ પ્રાણીઓનું** ઉત્તમ ધન છે, **શીલ જ** પરમ મંગલરૂપ છે. શીલ જ દુઃખ દાલિદ્રને હરનારૂં **છે અને શીલ જ** સકળ સુખનું ધામ છે.

૩ **શીલ જ ધર્મનું** નિધાન છે. **શીલ-સદાચરણજ પાપને ખંડન-**

કારી કહ્યું છે અને શીલ જ જગતમાં પ્રાણીઓનો સ્વાભાવિક શ્રેષ્ઠ ઘણુગાર છે એમ ભાખ્યું છે.

૪ શીલ જ નરકનાં દ્વાર બંધ કરવાને કમાડની જોડ જેવું જબરદસ્ત છે, અને દેવલોકનાં ઉજ્વળ વિમાનો ઉપર આરૂઢ થવાને ઉત્તમ નીસરણી સમાન છે.

૫ શ્રી ઉગ્રસેનરાજાની પુત્રી **રાજીમતીને** શીલવંતીમાં શ્રેષ્ઠ ગણવા યોગ્ય છે કે જેણે ગુફામાં પ્રથમથી આવી ચઢેલા અને મોહિત થયેલા **રહનેમિને** સંયમ માર્ગમાં પાછા સ્થાપિત કર્યા છે-સ્થિર કર્યા છે.

**પજ્જલિઓ વિહુ જલણો, સીલપ્પભાવેણ પાણીઅં હોઈ;**
**સા જયઉ જએ સીઆ, જીસે પયડા જસ પડાયા; ૬**
**ચાલણીજલેણ ચંપાએ, જીએ ઉગ્ઘાડિઅં દુવારતિગં;**
**કસ્સ ન હરેઇ ચિત્તં, તીએ ચરિઅં સુભદ્દાએ. ૭**
**નંદઉ નમયાસુંદરી, સા સુચિરં જીએ પાલિઅં સીલં;**
**ગહિલત્તણં પિ કાઉં, સહિઆ ય વિડંબણા વિવિહા. ૮**
**ભદ્દં કલાવઈએ, ભીસણરન્નંમિ રાયચત્તાએ;**
**જં સા સીલગુણેણં, છિન્નંગા પુણન્નવા જાયા. ૯**
**સીલવઈએ સીલં, સક્કઇ સક્કો વિ વન્નિઉં નેવ;**
**રાયનિઉત્તા સચિવા, ચઉરો વિ પવંચિઆ જીએ. ૧૦**

૬ શીલના પ્રભાવથી, પ્રજ્વલિત કરેલો એવો પણ અગ્નિ ખરેખર જળરૂપ થઈ ગયો એવી જશ-પતાકા જેની જગમાં ફરકી રહી છે એ **સીતાદેવી** જયવંતી વર્તો !

૭ ચાલણીના જળવડે જેણે ચંપાનગરીનાં ત્રણ દ્વાર ઉઘાડયાં હતાં

તે **સુભદ્રા** સતીનું શીલ ચરિત્ર કોના ચિત્તને હરણ નથી કરતું ?

૮ તે **નર્મદા સુંદરી** સતી સદાય જયવંતી વર્તો ! કે જેણીએ ગ્રહિલપણું ( ગાંડાપણું ) આદરીને પણ શીલવ્રતનું પાલન કર્યું અને ( તેની ખાતર ) વિવિધ પ્રકારની વિડંબના સહન કરી.

૯ ભયંકર અટવીમાં રાજાએ તજી દીધેલી **કલાવતી** સતીનું કલ્યાણ થાઓ ! કે જેના શીલગુણના પ્રભાવથી છેદાયેલા અંગો પણ સાજાં તાજાં થઇ ગયાં.

૧૦ **શીલવતી** સતીના શીલને શક્ર-ઇન્દ્ર પણ વર્ણવવાને સમર્થ થઇ શકે નહિં. કે જેણીએ રાજાએ મોકલેલા ચારે પ્રધાનોને છેતરીને સ્વશીલનું રક્ષણ કર્યું છે.

સિરિવદ્ધમાણપહુણા, સુધમ્મલાભુત્તિ જીએ પટ્ઠવિઓ;
સા જયઉ જએ સુલસા, સારયસસિવિમલસીલગુણા. ૧૧
હરિહરબંભપુરંદર,-મયભંજણપંચબાણબલદપ્પં;
લીલાઇ જેણ દલિઓ, સ થૂલભદ્દો દિસઉ ભદ્દં. ૧૨
મણહરતારૂન્નભરે, પત્થિજ્જંતો વિ તરૂણિ નિયરેણં;
સુરગિરિનિચ્ચલચિત્તો, સો વયરમહારિસી જયઉ. ૧૩
થુણિઉં (મુણિઉ) તસ્સ ન સક્કા,સઢ્ઢસ્સ સુદંસણસ્સ ગુણનિવહં;
જો વિસમસંકડેસુ વિ, પડિઓ વિ અખંડ સીલધણો. ૧૪
સુંદરિ સુનંદ ચિલ્લણ-મણોરમા અંજણા મિગાવઈ અ;
જિણસાસણસુપસિદ્ધા, મહાસઈઓ સુહં દિંતુ. ૧૫

૧૧ શ્રી વર્ધમાન પ્રભુએ જેણીને ઉત્તમ ધર્મલાભ પાઠવ્યો હતો તે શરદઋતુના ચંદ્રમા સમાન નિર્મળ શીલ ગુણવાળી **સુલસા** સતી સર્વત્ર જયવંતી વર્તો.

૧૨ હરિ, હર, બ્રહ્મા અને ઇન્દ્રના મદને ગાળી નાખનારા કામદેવની શકિતનો ગર્વ જેણે લીલા માત્રમાં દળી નાખ્યો તે સ્થૂલભદ્ર ( મુનિરાજ ) અમારૂં કલ્યાણ કરો.

૧૩ મનોહર યૌવન વયમાં અનેક સ્રીસમુદાયવડે (વિષય માટે) પ્રાર્થના કરાતાં છતા જે મેરૂગિરિ જેવા નિશ્ચળ ચિત્તવાળા ( દૃઢ ) રહ્યા તે શ્રી વજસ્વામી મહારાજ જયવંતા વર્તો !

૧૪ તે સુદર્શન શ્રાવકના ગુણગણને ગાવા ઇન્દ્ર પણ સમર્થ થઈ શકે નહિ કે જે ભારે સંકટમાં આવી પડયા છતાં અખંડ શીલને રાખી શકયો છે.

૧૫ સુંદરી, સુનંદા, ચિલણા, મનોરમા, અંજના અને મૃગાવતી વિગેરે જિનશાસનમાં પ્રસિદ્ધ થયેલી મહા સતીઓ સુખશાંતિ આપો !

અચ્ચંકારિઅ દટ્ઠૂણ, (સુણિઊણ) કો ન ધુણઈ કિર સીસં;
જા અખંડિઅ સીલા, ભિલ્લવઈ કયાથ્થઆ વિ. ૧૬
નિયમિત્તં નિયભાયા, નિય જણઓ નિય પિયામહો વિ;
નિયપુત્તો વિ કુસીલો, ન વલ્લહો હોઇ લોઆણં. ૧૭
સવ્વેસિં પિ વયાણં, ભગ્ગાણં અથ્થિ કોઇ પડિઆરો;
પક્કઘડસ્સ વ કન્ના, ના હોઈ સીલં પુણો ભગ્ગં. ૧૮
વેઆલભૂઅરખ્ખસ-કેસરિચિત્તયગઇંદસપ્પાણં;
લીલાઇ દલઇ દપ્પં, પાલંતો નિમ્મલં સીલં. ૧૯
જે કેઇ કમ્મમુક્કા, સિદ્ધા સિઝંતિ સિઝિહિંતિ તહા;
સવ્વેસિં તેસિં બલં, વિસાલસીલસ્સ દુલ્લલિઅં (માહપ્પં) ૨૦

૧૬ અચ્ચંકારીભટ્ટાનું ( અદ્ભુત ) ચરિત્ર સાંભળીને સ્વશીર્ષ

(મસ્તક) કોણ ન ધુણાવે ? કે જેણીએ ભિલ્લપતિએ અત્યંત કદર્થના કર્યા છતાં અડગપણે સ્વશીલને અખંડ સાચવી રાખ્યું.

૧૭ ગમે તો નિજ મિત્ર, નિજ બંધુ, નિજ તાત, નિજ તાતનો તાત કે નિજ પુત્ર હોય પણ જો કુશીલ હશે તો તે લોકોને પ્રિય થઇ શકશે નહિં.

૧૮ બીજાં બધાં વ્રત ભગ્ન થયાં હોય તો તેનો ઉપાય કંઇને કંઇ આલોચના-નિંદા પ્રાયાશ્ચિતાદિક રૂપ હોઇ શકે પણ, પાકા ઘડાને કાંઠા સાંધવાની પેરે ભાંગેલા શીલને સાંધવું દુર્ઘટ-દુઃશક્ય છે.

૧૯ નિર્મલ શીલનું રક્ષણ કરનાર ભવ્યાત્મા, વેતાલ, ભૂત રાક્ષસ કેસરીસિંહ ચિત્રા, હાથી અને સર્પના દર્પ ( અહંકાર ) ને લીલા માત્રમાં ( જોત જોતામાં ) દળી નાંખે છે.

૨૦ જે કોઇ મહાશયો સર્વ કર્મ મુક્ત થઇને સિદ્ધિ પદને પામ્યા છે. વર્તમાનકાળમાં ( મહાવિદેહાદિક ક્ષેત્રમાં ) સિદ્ધિ પદને પામે છે અને ભવિષ્યકાળમાં આ ભરતાદિક ક્ષેત્રમાં પણ સિદ્ધિપદને પામશે તે આ પવિત્ર શીલનોજ પ્રભાવ જાણવો. ઉત્તમ શીલ ચારિત્ર (યથાખ્યાત ચારિત્ર ) ની પ્રાપ્તિ કરનારની અવશ્ય સિદ્ધ થાય જ છે. શીલ-ચારિત્રનું આવું ઉત્તમ માહાત્મ્ય શાસ્ત્રકારોએ જણાવેલું છે, તે નિધામાં લઇ ભવ્યજનોએ ( સહુ ભાઇ બ્હેનોએ ) નિર્મળ શીલ-રત્નનું પરિપાલણ કરવા સદોદ્યત રહેવું ઉચિતછે. ઇતિશમ.

ઇતિ શીલકુલક સમાપ્ત.

## અથ શ્રીતપઃકુલકમ્.

સો જયઉ જુગાઈ જિણો, જસ્સંસે સોહએ જડામઉડો;
તવઝાણગ્ગિપજ્જલિઅ-કમ્મિંધણધમલહરિવ (પંતિવ્વ.) ૧
સંવચ્છરિઅ તવેણં, કાઉસ્સગ્ગંમિ જો ઠિઓ ભયવં;
પૂરિઅ નિયય પઇન્નો, હરઉ દુરિઆઈ બાહુબલી. ૨
અથિરં પિ થિરં વંકંપિ ઉજ્જુઅં દુલ્લહંપિ તહ સુલહં;
દુસ્સઝંપિ સુસઝં, તવેણ સંપજ્જએ કજ્જં. ૩
છટ્ઠં છટ્ઠેણ તવં, કુણમાણો પઢમગણહરો ભયવં;
અખ્ખીણમહાણસીઓ, સિરિગોયમસામિઓ જયઉ. ૪
સોહઇ સણંકુમારો, તવબલખેલાઇલદ્ધિસંપન્નો;
નિટ્ઠુઅ ખવડિયંગુલિં, સુવન્નસોહં પયાસંતો. ૫

૧ પ્રબળ ધ્યાનરૂપ નવા અગ્નિવડે બાળી નાંખેલા કર્મઇન્ધનોની ધૂમપંક્તિ જેવો જટાકલાપ જેમના ખભા ઉપર શોભી રહ્યો છે તે **યુગાદિપ્રભુ** જયવંતા વર્તો !

૨ એક વર્ષ પર્યંત તપવડે કાઉસ્સગ્ગ મુદ્રાએ ખડા રહી જે મહાત્માએ સ્વપ્રતિજ્ઞા પૂર્ણ કરી છે તે **બાહુબલી** મહારાજ (અમારા) દુરિત–પાપ દૂર કરો !

૩ તપના પ્રભાવથી અસ્થિર હોય તે પણ સ્થિર થાય છે, વાંકું હોય તે પણ સરલ થાય છે, દુર્લભ હોય તે પણ સુલભ થાય છે અને દુઃસાધ્ય હોય તે પણ સુસાધ્ય થાય છે.

૪ છઠ્ઠ છઠ્ઠ તપ આંતરારહિત કરતા પ્રથમ ગણધર શ્રી **ગૌતમ સ્વામી** મહારાજ અક્ષીણ મહાનસી નામની **મહાલબ્ધિને** પ્રાપ્ત થયા તે જયવંતા વર્તો !

૫ થૂંકવડે ખરડેલી આંગળીને સુવર્ણ જેવી શોભતી કરી દેખાડતા એવા **સનત્કુમાર** રાજર્ષિ તપોબળથી ખેલાદિક લબ્ધિ સંપન્ન છતા શોભે છે.

ગો બંભ ગબ્ભ ગબ્ભિણી, બંભિણીઘાયાઇ ગુરૂઅપાવાઈં
કાઊણ વિ કણયં ।પ વ, તવેણ સુદ્ધો દઢપ્પહારી. ૬
પુવ્વભવે તિવ્વ તવો, તવિઓ જં નંદિસેણ મહરિસિણા;
વસુદેવો તેણ પિઓ, જાઓ ખયરી સહસ્સાણં. ૭
દેવાવિ કિંકરત્તં, કુણંતિ કુલજાઇવિરહિઆણંપિ;
તવમંતપભાવેણં, હારકેસબલસ્સ વ રિસિસ્સ. ૮
પડસય મેગ પડેણં, એગેણ ઘડેણ ઘડસહસ્સાઈં;
જં કિર કુણંતિ મુણિણો, તવ કપ્પતરૂસ્સ તં ખુ ફલં. ૯
અનિઆણસ્સ ।વહિએ, તવસ્સ તવિઅસ્સ કિં પસંસામો;
કિજ્જઇ જેણ ।વણાસો, નિકાઇયાણં પિ કમ્માણં, ૧૦

૬ ગૌ, બ્રહ્મ, ગર્ભ અને ગર્ભવતી બ્રાહ્મણીની હત્યાદિક મહા ઉગ્ર પાપને કર્યા છતાં **દૃઢપ્રહારી** ( છેવટે ) મુનિપણે તપ સેવનવડે સુવર્ણની પેરે શુદ્ધ થયા.

૭ પૂર્વ જન્મમાં **નંદિષેણ** મહર્ષિએ જે તીવ્ર તપ કર્યો હતો તેના પ્રભાવથી **વસુદેવ** હજારો ગમે વિદ્યાધરીઓના પ્રિય-પતિ થયા.

૮ તીવ્ર તપ મંત્રના પ્રભાવથી **હરિકેશબળ** ઋષિની પેઠે **(ઉત્તમ)** કુળ અને જાતિહીન હોય તોપણ **તેમની દેવતાઓ પણ સેવા ઉઠાવે છે.**

૯ મુનિજનો જે એક પટ (વસ્ત્ર) વડે સેંકડો પટ-વસ્ત્રો કરે

છે અને એક ઘટ-ભાજનવડે હજારો ઘટ-ભાજનો કરે છે તે નિશ્ચે તપરૂપ કલ્પવૃક્ષનુંજ ફળ છે.

૧૦ જેનાવડે નિકાચિત કર્મોનો પણ ધ્વંસ કરી શકાય છે એવા યથાવિધ નિયાણા રહિત કરેલા તપની અમે કેટલી પ્રશંસા કરિએ?

અઇદુક્કર તવકારી, જગગુરૂણા કન્હપુચ્છિએણ તદા;
વાહરિઓ સો મહપ્પા, સમરિજ્જઓ ઢંઢણકુમારો. ૧૧
પઇદિવસંસત્તજણે,હણિઊણ(વહિઊણ)ગહિયવીરજિણદિખ્ખા
દુગ્ગાભિગ્ગહનિરઓ, અજ્જુણઓ માલિઓ સિદ્ધો. ૧૨
નંદીસરરૂઅગેસુ વિ, સુરગિરિસિહરેવિ એગફાલાએ;
જંઘાચારણમુણિણો, ગચ્છંતિ તવપ્પભાવેણં. ૧૩
સેણિયપુરઓ જેસિં, પસંસિઅં સામિણા તવોરૂવં;
તે ધન્ના ધન્નમુણી, દુન્હવિ પંચુત્તરે પત્તા. ૧૪
સુણિઊણ તવ સુંદરી-કુમરીએ અંબિલાણ અણવરયં;
સઠ્ઠિં વાસસહસ્સા, ભણ કસ્સ ન કંપએ હિઅયં. ૧૫

૧૧ અઢાર હજાર મુનિઓમાં અતિ દુષ્કર તપ કરનાર કયા સાધુ છે? એમ કૃષ્ણે એકદા પૂછયે છતે નેમિપ્રભુએ જે મહાશયને વખાણ્યા તે ઢંઢણમુનિ (સદાય) સ્મરણીય છે.

૧૨ પ્રતિ દિવસ (ભૂતાવેશથી) સાત સાત જણનો વધ કરીને છેવટે વીરપ્રભુ પાસે દીક્ષા ગ્રહી જે ઘોર-દુષ્કર અભિગ્રહ પાળવામાં ઉજમાળ થયો તે અર્જુનમાળીમુનિ સિદ્ધિપદ પામ્યો.

૧૩ નંદીશ્વર નામના આઠમા દ્વીપે તથા રૂચક નામના તેરમા દ્વીપે તેમજ મેરૂ પર્વતના શિખરો ઉપર એક ફાળે કરી જંઘા-ચારણ અને વિદ્યાચારણ મુનિઓ તપના પ્રભાવે જઇ શકે છે.

૧૪ શ્રેણિકરાજાની પાસે વીર પરમાત્માએ જેમનું તપોબળ વખાણ્યું હતું તે **ધન્નોમુનિ** ( શાલિભદ્રના બનેવી ) અને **ધન્ના કાકંદી** બંને મુનિઓ સર્વાર્થ સિદ્ધ વિમાને ગયા.

૧૫ ઋષભદેવ સ્વામીની પુત્રી **સુંદરીએ** ૬૦ હજાર વર્ષ પર્યંત કાયમ આંબિલ તપ કર્યો તે સાંભળી કહો! કોનું હૃદય કમ્પ્યા વગર રહેશે ?

જં વિહિઅમંબિલતવં, બારસવરિસાઇં સિવકુમારેણ;
તં દટ્ઠું જંબુરૂવં, વિમ્હઇઓ સેણિઓ રાયા. ૧૬
જિણકપ્પિઅ પરિહારિઅ, પડિમાપડિવન્ન લંદયાઈણં;
સોઊણ તવસરૂવં, કો અન્નો વહઉ તવગવ્વં. ૧૭
માસદ્ધ માસખવઓ, બલભદ્દો રૂપવં પિ હુ વિરત્તો;
સો જયઉ રન્નવાસી, પડિબોહિઅ સાવયસહસ્સો. ૧૮
થરહરિઅધરં ઝલહલિય–સાયરં ચલિયસયલકુલસેલં;
જમકાસી જયં વિણ્હુ, સંઘકએ તં તવસ્સ ફલં. ૧૯
કિં બહુણા ભણિએણં, જં કસ્સવિ કહવિ કથ્થવિ સુહાઇં;
દીસંતિ (તિહુઅણ) ભવણમજ્ઝે, તથ્થ તવો કારણં ચેવ. ૨૦

૧૬ (પૂર્વ ભવમાં) **શિવકુમારે** બાર વર્ષ પર્યંત આંબિલ તપ કર્યો હતો તેના પ્રભાવથી **જંબુકુમારનું** અદ્‌ભુતરૂપ દેખીને શ્રેણિક રાજા વિસ્મય પામ્યો હતો.

૧૭ જિનકલ્પી, પરિહાર વિશુદ્ધિ, પ્રતિમાપ્રતિપન્ન અને યથાલંદી તપસ્વી સાધુઓનાં તપનું સ્વરૂપ સાંભળીને બીજો કોણ તપનો ગર્વ કરવો પસંદ કરશે !

૧૮ અતિ રૂપવંત છતા વિરક્ત થઇ અરણ્યમાં વસી જેણે હજારો શ્વાપદ જાનવરોને પ્રતિબોધ્યા છે તે માસ અર્ધ માસની તપસ્યા કરતા **બલિભદ્રમુનિ** જયવંતા વર્તો.

૧૯ શ્રી સંઘનું કષ્ટ નિવારણ કરવા માટે **વિષ્ણુકુમારે** લક્ષ યોજનપ્રમાણ રૂપ વિકુર્વ્યું ત્યારે પૃથ્વી કંપાયન થઇ, સાગર જળ-હળ્યા-હાલકલ્લોલ થયા, અને હિમવંતાદિક પર્વતો ચલાયમાન થયા અને છેવટે શ્રી સંઘનું રક્ષણ કર્યું ત સર્વ તપનુંજ ફળ જાણવું.

૨૦ તપનો પ્રભાવ કેટલો વર્ણવી શકાય ? જે કોઇને કોઈપણ પ્રકારે કયાંય પણ ત્રિભુવન મધ્યે સુખ-સમાધિ પ્રાપ્ત થાય છે ત્યાં સર્વત્ર ( બાહ્ય અભ્યંતર ) તપજ કારણરૂપ છે એમ ચોક્કસ સમ-જવું અને તેનું આરાધન કરવા યથાવિધ ઉદ્યમ સેવવો. કિંબહુના.

## ઇતિ તપઃકુલકં સમાપ્તં.

## અથ શ્રી ભાવકુલકમ્.

કમઠાસુરેણ રઇયંમિ, ભીસણે પલયતુલ્લ જલબોલે;
ભાવેણ કેવલલચ્છિં, વિવાહિઓ જયઉ પાસજિણો. ૧
નિચ્ચુન્નો તંબોલો, પાસેણ વિણા ન હોઈ જહ રંગો;
તહ દાણસીલતવભાવણાઓ, અહલાઓ સવ્વ ભાવવિણા. ૨
મણિમંતઓસહીણં, જંતતંતાણ દેવયાણં પિ;
ભાવેણ વિણા સિદ્ધિ, ન હુ દીસઇ કસ્સ વિ લોએ. ૩
સુહભાવણાવસેણં, પસન્નચંદો મુહુત્તમિત્તેણ;
ખવિઊણ કમ્મગંઠિં, સંપત્તો કેવલં નાણં. ૪
સુસ્સૂસંતી પાએ, ગુરૂણીણં ગરહિઊણ નિયદોસે;
ઉપ્પન્ન દિવ્વનાણા, મિગાવઈ જયઉ સુહભાવા. ૫

૧ કમઠાસુરે રચેલા ભારે ભયંકર પ્રલયકાળના જેવા જળ ઉપ-દ્રવ કાળે સમભાવને ધારણ કરવાવડે જે કેવળજ્ઞાન લક્ષ્મીને વર્યા તે શ્રી પાર્શ્વપ્રભુ જયવંતા વર્તો !

૨ જેમ ( કાથા ) ચૂના વગરનું તાંબૂલ ( નાગરવેલી પાન ) અને

પાસ વગરનું વસ્ત્ર ઠીક રંગાતું નથી તેમ ભાવ વગર દાન શીલ તપ અને ભાવનાઓ પણ ફળદાયી નહિ થતાં—અફળ થાય છે.

૩ મણિ, મંત્ર, ઓષધી તેમજ જંત્ર તંત્ર અને દેવતાની પણ સાધના દુનીયામાં કોઇને ભાવ વગર સફળ થતી નથી. ભાવ યોગેજ તે તે વસ્તુઓની સિદ્ધિ થતી દેખાય છે.

૪ શુભ ભાવના યોગે **પ્રસન્નચન્દ્ર** (રાજર્ષિ) બે ઘડી માત્રમાં રાગદ્વેશમય કર્મની ગુપિલ ગ્રંથી—ગાંઠને ભેદી નાંખી કેવળજ્ઞાન પામ્યા.

૫ નિજદોષ (અપરાધ) ની નિંદા ગર્હા કરીને ગુરૂણીનાં ચરણની સેવા કરતાં જેણીને શુભ ભાવથી કેવળજ્ઞાન ઉપન્યું તે **મૃગાવતી** સાધ્વી જયવંતી વર્તો !

ભયવં ઇલાઇપુત્તો, ગુરૂએ વંસંમિ જો સમારૂઢો;
દઠૂણ મુણિવરિંદં, સુહભાવઓ કેવલી જાઓ. ૬
કવિલો અ બંભણમુણી, અસોગવણિઆઇ મજ્ઝયારંમિ;
લાહાલોહત્તિ પયં, પઢંતો ( ઝાયંતો ) જાયજાઇસરો. ૭
ખવગ નિમંતણપુવ્વં, વાસિઅભત્તેણ સુદ્ધભાવેણ;
ભુંજંતો વરનાણં, સંપત્તો કૂરગડ્ડૂ વિ (કૂરગડ્ડૂઓ.) ૮
પૂવ્વભવસૂરવિરઇઅ-નાણાસાઅણપભાવ દુમ્મેહો;
નિયનામં ઝાયંતો, માસતુસો કેવલી જાઓ. ૯
હત્થિંમિ સમારૂઢા, રિદ્ધિં દઠૂણ ઉસભસામિસ્સ;
તખ્ખણ સુહઝાણેણં, મરૂદેવી સામિણી સિદ્ધા. ૧૦

૬ મ્હોટા વાંસ ઉપર નાચવા માટે ચઢ્યા છતા કોઇ મહામુનિરાજને દેખી શુભ ભાવથી પૂજ્ય **ઇલાતિપુત્ર**ને કેવળજ્ઞાન પ્રગટ થયું. એ સદ્ભાવનોજ પ્રભાવ સમજવો.

૭ **કપિલ** નામનો બ્રાહ્મણ મુનિ અશોક વાટિકામાં "જહા લાહો તહા લોહો; લાહા લોહો પવડ્ઢઇ" એ પદની વિચારણા કરતો શુભ ભાવથી જાતિસ્મરણ જ્ઞાન પામ્યો.

૮ વાસિત ભાવવડે તપસ્વી સાધુઓને નિમંત્રણ કરવા પૂર્વક ભોજન કરતા શુદ્ધ ભાવથી **કૂરગડુમુનિ** કેવળજ્ઞાન પામ્યા.

૯ પૂર્વ ભવે આચાર્યપણે કરેલી જ્ઞાનની આશાતનાના પ્રભાવથી બુદ્ધિહીન થયેલા '**માસતુસ**' મુનિ નિજ નામને ધ્યાતા છતાં (કોઈની ઉપર રાગ કે રોસ ન કરવારૂપ ગુરૂ મહારાજાએ બતાવેલા પરમાર્થ સામે દૃષ્ટિ રાખી રહેતાં) ઘાતિ કર્મોનો ક્ષય કરી (શુદ્ધ નિર્મળ ભાવથી) કેવળજ્ઞાન પામ્યા.

૧૦ હાથીના સ્કંધ ઉપર આરૂઢ થયેલા **મરૂદેવીમાતા** ઋષભદેવ સ્વામીની ઋદ્ધિ-સિદ્ધિ દેખીને તત્કાળ શુભ ધ્યાનથી અંતકૃત્ કેવળી થઇ મોક્ષપદ પામ્યા.

પડિજાગરમાણીએ, જંઘાબલખીણ મન્નિઆપુત્તં;
સંપત્તકેવલાએ, નમો નમો પુપ્ફચૂલાએ. ૧૧
પન્નરસયતાવસાણં, ગોઅમનામેણ દિન્નદિખ્ખાણં;
ઉપ્પન્નકેવલાણં, સુહભાવાણં નમો તાણં. ૧૨
જીવસ્સ સરીરાઓ, ભેઅં નાઉં સમાહિપત્તાણં;
ઉપ્પાડિઅનાણાણં, ખંદક સીસાણ તેસિ નમો. ૧૩
સિરિવદ્ધમાણપાએ, પૂઅથ્થી સિંદુવારકુસુમેહિં;
ભાવેણ સુરલોએ, દુગ્ગઇનારિ સુહં પત્તા. ૧૪
ભાવેણ ભુવણનાહં, વંદેઉં દદ્દુરોવિ સંચલિઓ;
મરિઊણ અંતરાલે, નિયનામંકો સુરો જાઓ. ૧૫

૧૧ જંઘાબળ જેનું ક્ષીણ થયું છે એવા **અર્ણિકાપુત્ર આ**-**ચાર્ય**ની સેવા (ઉચિત વૈયાવચ્ચ) કરતાં જેને કેવળજ્ઞાન પ્રાપ્ત

થયું તે **પુષ્પચૂલા સાધ્વીને** પુનઃપુનઃ નમસ્કાર હો !

૧૨ ગૌત્તમસ્વામીએ જેમને દીક્ષા દીધી છે અને શુભ ભાવવડે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા **પંદરસો તાપસોને** નમસ્કાર હો.

૧૩ પાપી પાલકવડે યંત્રમાં પીલાતા છતા જીવને શરીરથી જુદો જાણીને સમાધિ પ્રાપ્ત થયેલા જેમને કેવલજ્ઞાન પેદા થયું છે તે સ્કંદગસૂરિના સઘળા શિષ્યોને નમસ્કાર હો !

૧૪ શ્રી વર્ધમાન સ્વામીનાં ચરણને સિંદુવારનાં ફૂલથી પૂજવાને ઇચ્છતી દુર્ગતા નારી શુભ ભાવવડે કાળ કરીને દેવગતિમાં ઉપજીને સુખી થઇ.

૧૫ એક દેડકો પણ ભાવથી ભુવનગુરૂ શ્રી વર્ધમાનસ્વામીને વાંદવા ચાલ્યો ત્યાં માર્ગમાં ઘોડાની ખરી નીચે કચરાઇ મરણ પામીને નિજનામાંકિત-દર્દૂરાંક નામે દેવતા થયો.

**વિરયાવિરયસહોઅર, ઉદગસ્સ ભરેણ ભરિઅસરિઆએ;**
**ભણીયાઅ સાવિયાએ, દિન્નો મગ્ગુત્તિ ભાવવસા. ૧૬**
**સિરિચંડરૂદગુરૂણા, તાડિજ્જંતો વિ દંડઘાએણ;**
**તક્કાલં તસ્સીસો, સુહલેસો કેવલી જાઓ. ૧૭**
**જં ન હુ ભણિઓ બંધો, જીવસ્સ વહે વિ સમિઇગુત્તાણં;**
**ભાવો તથ્થ પમાણં, ન પમાણં કાયવાવારો. ૧૮**
**ભાવચ્ચિય પરમત્થો, ભાવો ધમ્મસ્સ સાહગો ભણિઓ;**
**સમ્મત્તસ્સ વિ બીઅં, ભાવચ્ચિય બિંતિ જગગુરૂણો. ૧૯**
**કિં બહુણા ભણિએણં, તત્તં નિસુણેહ ભો ! મહાસત્તા !**
**મુખ્ખસુહબીયભૂઓ, જીવાણ સુહાવહો ભાવો. ૨૦**

૧૬ વિરત સાધુ અને અવિરત શ્રાવક ( રાજા ) જે બંને સગા ભાઇ હતા તેમને ઉદ્દેશીને આ સાધુ સદાય ઉપવાસી હોય અને આ શ્રાવક સદાય બ્રહ્મચારી હોય તો અમને હે નદીદેવી ! માર્ગ આ-

પજે એમ ઉક્ત મુનિને વંદના કરવા જતાં અને પાછા વળતાં માર્ગમાં પાણીના પૂરથી ભરેલી નદીને સંબોધી તે શ્રાવિકા ( રાણીઓ ) એ કહ્યે છતે તેમના સાચા ભાવથી નદીએ તમને તરતજ પેલે પાર જવા દેવા માટે માર્ગ કરી આપ્યો હતો.

૧૭ શ્રી ચંડરૂદ્ર ગુરૂવડે દંડપ્રહારથી તાડન કરાતો એવો તેનો ( શાન્ત ) શિષ્ય શુભ લેશ્યાવંત છતો તત્કાલ કેવળજ્ઞાન પામ્યો.

૧૮ સમિતિ ગુપ્તીવંત સાધુઓને કવચિત્ જીવનો વધ થઇ જાય છે તો પણ જે તેમને નિશ્ચે બંધ કહ્યો નથી તેથી તેમાં ભાવજ પ્રમાણ છે પણ કાયવ્યાપાર પ્રમાણ નથી.

૧૯ ભાવજ ખરો પરમાર્થ છે, ભાવજ ધર્મનો સાધક—મેળવી આપનાર છે અને ભાવજ નિશ્ચયને ઉત્પન્ન કરી આપનાર છે; એમ ત્રિભુવન ગુરૂ શ્રી તીર્થંકરો કહે છે.

૨૦ ઘણું ઘણું શું કહીએ ? હે સત્ત્વવંત મહાશયો ! હું તમોને તત્ત્વ નિચોળરૂપ વચન કહું છું તે તમે સાવધાનપણે સાંભળો–મોક્ષ સુખના બીજરૂપ જીવોને સુખકારી **ભાવજ છે અર્થાત્ સદ્ભાવ યોગેજ જીવો મોક્ષ સુખ મેળવી શકે છે.**

**ઇય દાણસીલતવભાવણાઓ, જો કુણઇ સત્તિભત્તિપરો;**
**દેવિંદવિંદમહિઅં, અઇરા સો લહઇ સિદ્ધસુહં. ૨૧**

૨૧ આ દાન શીલ તપ અને ભાવનાઓને ભવ્યાત્મા શક્તિ અને ભક્તિના ઉલ્લાસ યોગે કરે છે તે મહાશય ઇંદ્રોના સમૂહ વડે પૂજિત એવું અક્ષય મોક્ષ સુખ અલ્પકાળમાં મેળવી શકે છે આ કુલકમાં છેવટે ગ્રંથકારે પોતાનું **દેવેન્દ્રસૂરિ** એવું નામ ગર્ભિતપણે સૂચવ્યું જણાય છે. ઉક્ત મહાશયનાં અતિહિતકર વચનોને ખરા ભાવથી આદરવાં એ આપણું ખાસ કર્તવ્ય છે. **ઇતિશમ્.**

**ઇતિ શ્રીભાવકુલકં સમાપ્તં.**

સદ્‌ગુણોની ચાહના રાખનારા ભાઇ બ્હેનોને ખાસ ઉપયોગી.

# શ્રીસોમસુંદરસૂરિપ્રણીતં શ્રીગુણાનુરાગકુલકં.

( સરલ સંક્ષિપ્ત વ્યાખ્યા સહિતં. )

સયલકલ્લાણનિલયં, નમિઊણં તિત્થનાહપયકમલં;
પરગુણગહણસરૂવં, ભણામિ સોહગ્ગસિરિજણયં. ૧
ઉત્તમગુણાણુરાઓ, નિવસઇ હિયયંમિ જસ્સ પુરિસસ્સ;
આતિત્થયરપયાઓ, ન દુલ્લહા તસ્સ રિદ્ધીઓ. ૨
તે ધન્ના તે પુન્ના, તેસુ પણામો હવિજ્જ મહ નિચ્ચં;
જેસિં ગુણાણુરાઓ, અકિત્તિમો હોઇ અણવરયં. ૩
કિંબહુણા ભણિએણં, કિં વા તવિએણ કિં વ દાણેણં;
ઇક્કં ગુણાણુરાયં, સિખ્ખહ સુખ્ખાણ કુલભવણં. ૪
જઇવિ ચરસિ તવવિઉલં, પઢસિ સુઅં કરિસિ વિવિહકટ્ઠાઇં;
ન ધરસિ ગુણાણુરાયં, પરેસુ તા નિપ્ફલં સયલં. ૫

સકળ કલ્યાણના સ્થાનરૂપ શ્રીતીર્થંકર પ્રભુના ચરણ કમળને નમસ્કાર કરીને, સૌભાગ્ય લક્ષ્મીને ઉત્પન્ન કરનારૂં, પર ગુણ ગ્રહણ કરવાનું સ્વરૂપ જણાવું છું (તે તમે લક્ષ દઇને સાંભળો.) ૧

જે પુરૂષના હૃદયમાં ઉત્તમ ગુણાનુરાગ નિવાસ કરી રહે છે, તેને તીર્થંકર પદ પર્યંતની ઋદ્ધિયો દૂર્લભ નથી પણ સુલભ છે એમ શાસ્ત્ર–આદર્શથી સ્પષ્ટ દેખી શકાય છે. ૨

જેમના હૃદયમાં સદાય સદ્‌ગુણ પ્રત્યે સ્વભાવિક પ્રેમ જાગેલો છે તેઓ ધન્ય, કૃતપુન્ય જાણવા; તેમને સદાય અમારો પ્રણામ હો. ૩

ઘણું ભણવાથી, તપ તપવાથી કે દાન દેવાથી શું પ્રયોજન છે?

ફક્ત સઘળા સુખના સ્થાનરૂપ એક ગુણાનુરાગનેજ તું આદર. ૪

કદાચ તું ઘણો તપ કરીશ ઘણાં શાસ્ત્ર ભણીશ અને વિવિધ કષ્ટ સહીશ, પરંતુ જો ગુણાનુરાગ ધારીશ નહિં-બીજાના સદ્‌ગુણ જોઇ રાજી થઇશ નહિ, તો તારી સઘળી કરણી ફોક સમજજે. ૫

સોઊણ ગુણુક્કરિસં, અન્નસ્સ કરેસિ મચ્છરં જઇવિ;
તા નૂણં સંસારે, પરાહવં સહસિ સવ્વત્થ. ૬

ગુણવંતાણ નરાણં, ઇસાભરતિમિરપુરિઓ ભણસિ;
જઇ કહવિ દોસલેસં, તા ભમસિ ભવે અપારંમિ. ૭

જં અબ્ભસેઇ જીવો, ગુણં ચ દોસં ચ ઇત્થ જમ્મંમિ;
તં પરલોએ પાવઇ, અબ્ભાસેણં પુણો તેણં. ૮

જો જંપઇ પરદોસે, ગુણસયભરિઓ વિ મચ્છરભરેણં;
સો વિઉસાણ મસારો, પલાલપુંજ વ્વ પાડભાઇ. ૯

જો પરદોસે ગિણ્હઇ, સંતાસંતેવિ દુટ્ઠભાવેણં;
સો અપ્પાણં બંધઇ, પાવેણ નિરત્થએણાવિ. ૧૦

બીજાના ગુણનો ઉત્કર્ષ સાંભળીને જો તું અદેખાઇ કરીશ તો જરૂર તું સંસારમાં સર્વ સ્થળે પરાભવ પામીશ. ૬

ઇર્ષાના જોરથી અંજાઇ જઈ જો તું ગુણવંત જનોના થોડા પણ અવર્ણવાદ કોઇરીતે બોલીશ તો સંસાર મહાઅટવીમાં તારે ભટકવું પડશે. (અને ત્યાં બહુ પેરે દુઃખનો કડવો અનુભવ કરવો પડશે. માટે પ્રથમથીજ પારકા અવર્ણવાદ બોલવાથી પાછો ઓસર કે જેથી તારી અધોગતિ થતી અટકે.) ૭

આ વર્તમાન ભવમાં જીવ જે ગુણનો કે દોષનો અભ્યાસ કરે છે, તે ગુણ દોષને અભ્યાસવડે પરભવમાં ફરી મેળવે છે. ૮

જે પોતે સેંકડોગમે ગુણથી ભર્યો છતો અદેખાઇવડે પારકા

દોષ જંપે છે તે પંડિત પુરૂષોની નજરમાં પલાલના ઢગલા જેવો અસાર (હલકો) જણાય છે. (અને હાસ્ય પાત્ર બને છે.) ૯

જે દુષ્ટ આશયથી પરાયા છતા અને અછતા દોષને ગ્રહણ કરે છે, તે પોતાના આત્માને નિરર્થક પાપ બંધનથી બાંધે છે. (તેથી ભવાંતરમાં પોતેજ વારંવાર દુઃખી-દુઃખનો ભોગી થાય છે.) ૧૦

**તં નિયમા મુત્તવ્વં, જત્તો ઉપ્પજ્જએ કસાયગ્ગી;**
**તં વત્થું ધારિજ્જા, જેણોવસમો કસાયાણં. ૧૧**
**જઇ ઇચ્છહ ગુરૂયત્તં, તિહુયણમજ્ઝંમિ અપ્પણો નિયમા;**
**તા સવ્વપયત્તેણં, પરદોસવિવજ્જણં કુણહ. ૧૨**
**ચઉહા પસંસણિજ્જા, પુરિસા સવ્વુત્તમુત્તમા લોએ;**
**ઉત્તમઉત્તમ ઉત્તમ, મજ્ઝિમભાવા ય સવ્વેસિં. ૧૩**
**જે અહમ અહમઅહમા, ગુરૂકમ્મા ધમ્મવજ્જિયા પુરિસા;**
**તે વિય ન નિંદણિજ્જા, કિંતુ દયા તેસુ કાયવ્વા. ૧૪**
**પચ્ચંગુબ્ભડજુવ્વણ-વંતીણં સુરહિસારદેહાણં;**
**જુવઇણં મજ્ઝગઓ, સવ્વુત્તમરૂવવંતીણં. ૧૫**
**આજમ્મબંભયારી, મણવયકાએહિં જો ધરઇ સીલં**
**સવ્વુત્તમુત્તમો પુણ, સો પુરિસો સવ્વનમણિજ્જો. ૧૬**

તેટલા માટે જેથી કષાય અગ્નિ પેદા થાય તે કાર્ય જરૂર તજી દેવું અને જેથી કષાય અગ્નિ શાંત થાય તેજ કાર્ય આદરવું. (તે માટે પરનિંદા, ઇર્ષા, અદેખાઇ પ્રમુખ અકાર્ય અવશ્ય તજવાં જોઇએ.) ૧૧

જો તું ત્રિભુવનમાં ગુરૂપણું મેળવવા ખરેખર ઇચ્છતોજ હોય તો પારકા દોષ ગ્રહણ કરવાની અથવા પરનિંદા કરવાની પડેલી કુટેવ સંપૂર્ણ પ્રયત્ન વડે તું તજી દે, એજ મોટાઇનો માર્ગ છે. ૧૨

જગતમાં સહુ કોઇને પ્રશંસવા યોગ્ય આ ચાર પ્રકારના પુરૂષો કહ્યા છે: ૧ સર્વોત્તમોત્તમ, ૨ ઉત્તમોત્તમ, ૩ ઉત્તમ અને ચોથા મધ્યમ. ૧૩

એ ઉપરાંત ભારે કર્મી અને ધર્મવાસના રહિત જે **અધમ અને અધમાધમ** પુરૂષો હોય તેમની પણ નિંદા તો નજ કરવી, પરંતુ બની શકે તો તેમને સુધારવા માટે મનમાં કરૂણા લાવવી યુક્ત છે. નિંદા સર્વથા વર્જ્ય છે, કેમકે તેથી તેને કે પોતાને કશો ફાયદો થતો નથી, પરંતુ કરૂણાબુદ્ધિથી તો સ્વપરને ફાયદો થવો સંભવે છે. માટે શાસ્ત્રકાર તેનુંજ સેવન કરવા ફરમાવે છે. ૧૪

જેને પ્રત્યેક અવયવમાં આકરૂં યૌવન પ્રગટયું હોય, જેમનું શરીર ઘણુંજ સુગંધી હોય અને જેમનું રૂપ સર્વોત્તમ હોય એવી સ્ત્રીઓના મધ્યમાં રહ્યો છતો જન્મથી આરંભી અખંડ બ્રહ્મચર્યને ધારણ કરનાર જે મન વચન અને કાયાવડે નિર્મળ શીલ પાળે છે, તે પુરૂષ **સર્વોત્તમોત્તમ** જાણવો અને તે સર્વ કોઇને શિરસાવંદ્ય-પ્રણામ કરવા યોગ્ય છે એમ જાણવું. ૧૫-૧૬.

એવંવિહ જુવઇગઓ, જો રાગી હુજ્જ કહવિ ઇગસમયં;
બીયસમયંમિ નિંદઇ, તં પાવં સવ્વભાવેણ. ૧૭
જમ્મંમિ તમ્મિ ન પુણો, હવિજ્જ રાગો મણંમિ જસ્સ કયા;
સો હોઇ ઉત્તમુત્તમ-રૂવો પુરિસો મહાસત્તો. ૧૮
પિચ્છઈ જુવઈરૂવં, મણસા ચિંતેઇ અહવ ખણમેગં;
જો નાયરઇ અકજ્જં, પત્થિજ્જંતો વિ ઇત્થીહિં. ૧૯
સાહૂ વા સડ્ઢો વા, સદારસંતોસસાયરો હુજ્જા;
સો ઉત્તમો મણુસ્સો, નાયવ્વો થોવસંસારો. ૨૦

વળી જે એવાજ પ્રકારની સ્ત્રીઓના મધ્યમાં રહ્યો છતો કોઈ

રી ક્ષણભર રાગથી રંગાયો હોય, પરંતુ તરતજ બીજે ક્ષણે તે લાગેલા પાપની સર્વ પ્રકારે નિંદા ગર્હા કરે અને ફરી આખા ભવમાં કોઇ વખત જેના મનમાં રાગ પ્રગટે નહિં તે મહા સત્ત્વવંત પુરૂષ **ઉત્તમોત્તમ** છે એમ જાણવું. ૧૭–૧૮.

જે ક્ષણભર સ્ત્રીનું (સુંદર) રૂપ જોવે અથવા મનથી તેનું ચિંતન કરે, પરંતુ સ્ત્રીઓએ વિષયભોગ સંબંધી પ્રાર્થના કર્યા છતાં તેવું અકાર્ય (સ્ત્રી સેવન) કરે નહિ, તે સાધુ કે સ્વદારા સંતોષી શ્રાવક અલ્પ સંસારી **ઉત્તમ** પુરૂષ જાણવો. જે સાધુ કે શ્રાવક ભવભીરૂ હોય સ્વવ્રત રક્ષા કરે તે ઉત્તમ છે. ખરી કસોટીમાં પણ જે વ્રત ભંગ થવા ન દે તેની બલિહારી છે. ૧૯–૨૦

**પુરસત્થેસુ પવટ્ટઇ, જો પુરિસો ધમ્મઅત્થપમુહેસુ;**
**અનુન્નમવ્વાબાહં, મજ્જિમરૂવો હવઇ એસો. ૨૧**
**એએસિં પુરિસાણં, જઇ ગુણગહણં કરેસિ બહુમાણા;**
**તો આસન્નસિવસુહો, હોસિ તુમં નત્થિ સંદેહો. ૨૨**
**પાસત્થાઇસુ અહુણા, સંજમસિઢિલેસુ મુક્કજોગેસુ;**
**નો ગરિહા કાયવ્વા, નેવ પસંસા સહામજ્ઝે. ૨૩**
**કાઊણ તેસુ કરૂણં, જઇ મન્નઇ તો પયાસએ મગ્ગં;**
**અહ રૂસઇ તો નિયમા, ન તેસિં દોસં પયાસેઇ. ૨૪**
**સંપઇ દૂસમસમએ, દીસઇ થોવો વિ જસ્સ ધમ્મગુણો;**
**બહુમાણો કાયવ્વો, તસ્સ સયા ધમ્મબુદ્ધીએ. ૨૫**

જે પુરૂષ ધર્મ અર્થ અને કામરૂપ પુરૂષાર્થને અન્યોઅન્ય બાધા રહિત સેવે, એટલે ધર્મને હાનિ ન પહોંચે તેમ અર્થ ઉપાર્જન કરે અને અર્થ ઉપાર્જન કરવામાં ખલેલ ન પહોંચે તેમ વિષય સેવન કરે તે મધ્યમ પુરૂષ જાણવો. ૨૧

આ ઉપર જણાવેલા પુરૂષોના ગુણગ્રહણ બહુમાનપૂર્વક જો

તું કરશે તો શીઘ્ર શિવસુખ પામીશ, એમ ચોક્કસ સમજજે; કેમકે પોતે સદ્ગુણી થવાનો એ સરલ અને ઉત્તમ માર્ગ છે. ૨૨

આજ કાલ સંયમ માર્ગમાં શિથિલતા ધારણ કરનારા અને સંયમ ક્રિયાની ઉપેક્ષા કરનારા પાસથ્થાદિક સાધુ-યતિજનોની સભા સમક્ષ નિંદા કરવી નહિં તેમજ પ્રશંસા પણ કરવી નહિં, કેમકે નિંદા કરવાથી તેઓ સુધરી શકશે નહિં, તેમજ પ્રશંસા કરવાથી તેમના દોષોને પુષ્ટિ આપવા જેવુંજ થશે. ૨૩

હીનાચારી સાધુ-યતિઓ ઉપર કરૂણા આણીને જો તેમને રૂચે તો હિતબુદ્ધિથી સત્યમાર્ગ બતાવવો. તેમ છતાં જો તેઓ રોષ કરે તો તેમના દોષ-દુર્ગુણ (સભા સમક્ષ) પ્રકાશવા નહિં. ૨૪

અત્યારે દુષમ કાળમાં જેનો થોડો પણ ધર્મગુણ (સદ્ગુણ) દ્રષ્ટિમાં આવે તેનું બહુમાન ધર્મ બુદ્ધિથી સદાય કરવું યુક્ત છે. એથી સ્વપરને અનેક લાભ થવા સંભવ છે. ૨૫

જઉ પરગાચ્છ સગચ્છે, જે સંવિગ્ગા બહુસ્સુયા મુણિણો;
તેસિં ગુણાણુરાયં, મા મુંચસુ મચ્છરપ્પહઓ. ૨૬
ગુણરયણમંડિયાણં, બહુમાણં જો કરેઈ સુદ્ધમણો;
સુલહા અન્નભવંમ ય, તસ્સ ગુણા હુંતિ નિયમેણં. ૨૭
એયં ગુણાણુરાયં, સમ્મં જો ધરઇ ધરણિમજ્ઝંમિ;
સિરિસોમસુંદરપયં, સો પાવઇ સવ્વનમણિજ્જં ૨૮

પરગચ્છમાં કે સ્વગચ્છમાં જે સંવિજ્ઞ (તીવ્ર વૈરાગ્યવંત-ભવભીરૂ) બહુશ્રુત-ગીતાર્થ મુનિ જનો હોય તેમનો ગુણાનુરાગ કરવા, મત્સરભાવથી દબાઈ તું ચૂકીશ નહિં. સમભાવી મહા પુરૂષોનો સમાગમ સદાય દુર્લભ છે. તે ગમે ત્યાં હોય તો પણ તેમનું તો કલ્યાણ સુખે થઇ શકે છે. તેમના દુર્લભ સમાગમનો લાભ મળે તો તેની કદાપિ ઉપેક્ષા કરવી નહિં. કેમકે તેવા સમભાવી

મહાત્માઓથી આપણને ઉત્તમ ફળ મળી શકે છે. ૨૬

ગુણ રત્નોથી અલંકૃત પુરૂષોનું બહુમાન જે શુદ્ધ—નિષ્કપટ મનથી કરે છે તે અન્ય જન્મમાં તેવા ગુણોને જરૂર સુખે સુખે મેળવી શકે છે. સદ્ગુણોનું અનુમોદન કરવું યા તેમનું બહુમાન કરવું એ આપણે પોતે સદ્ગુણી થવાનું અમોઘ બીજ છે. ૨૭

આવી રીતે ગુણાનુરાગ ( સદ્ગુણી પ્રત્યે અકૃત્રિમ પ્રેમવાત્સલ્ય ) પોતાની હૃદય ભૂમિમાં જે ધારણ કરે છે તે મહાનુભાવ સર્વ કોઇને નમન કરવા યોગ્ય પરમ શાન્ત પદને પામે છે. એમ **પરમ સંવેગી અને પવિત્ર ગુણાનુરાગી શ્રી સોમસુંદરસૂરિ મહારાજ** ભવ્ય જનોને એકાંત હિત બુદ્ધિથી અમૃતવચનો વડે આપણને બોધે છે.

---

## (ઇતિ ગુણાનુરાગકુલકં પૂજ્ય પં૦ જિનહર્ષગણિભિ કૃતં.)

## જૈન કોમના સત્યહિતની ખાતર ખાસ નિર્માણ કરેલી સમયાનુસારી બહુ અગત્યની નમ્ર સૂચનાઓ.

### સુજ્ઞ મહાશયો! ભાઇઓ અને બ્હેનો!

૧ દરેક મંગળ પ્રસંગે, વિદેશી ભ્રષ્ટ વસ્તુઓથી આપણે પરહેજ રહેવું અને સ્વદેશી પવિત્ર વસ્તુઓનોજ વિવેકથી ઉપયોગ કરવો અને કરાવવો બહુ જરૂરનો છે અને લાભદાયક પણ છે.

૨ આપણા પવિત્ર તીર્થોની સેવા-રક્ષા અર્થે આપણાથી બને તેટલો સ્વાર્થત્યાગ કરવા યા આત્મભોગ આપવા તૈયાર રહેવું.

૩ કોઇ પણ જાતના કુવ્યસનથી સદંતર દૂર રહેવું અને આપણી આસપાસનાને એથી દૂર રહેવા પ્રીતભરી પ્રેરણા કરતા રહેવું.

૪ શાન્તરસથી ભરેલી જિનપ્રતિમાને જિનેશ્વર તુલ્ય લેખી આપણે પણ તેવાજ અવિકારી થવા તેમની પૂજા અર્ચાદિક પ્રેમથી કરવા કરાવવા બનતું લક્ષ રાખવું અને રખાવવું બહુ જરૂરનું છે.

૫ આત્મશાન્તિને આપનારી જિનવાણીનો લાભ મેળવવા, પ્રતિદિન થોડો ઘણો વખત પ્રેમપૂર્વક પ્રમાદ રહિત પ્રયત્ન કરવો.

૬ જૈન તરીકે આપણું કર્તવ્ય શું શું છે? તે સારી રીતે જાણી તે પ્રમાણે આચરવા યથાશક્તિ ઉદ્યમ કર્યા કરવો ખાસ જરૂરનો છે.

૭ શરીર નિરોગી હોય તોજ ધર્મ સાધન રૂડી રીતે થઇ શકે માટે શરીર-આરોગ્ય સાચવવા સહુએ પૂરતી સંભાળ રાખવી. વળી બાળલગ્ન, વૃદ્ધવિવાહ, પરસ્ત્રી તથા વેશ્યાગમન, માદક આહાર, કુપથ્યસેવન અને કુદરત વિરૂદ્ધ વર્તનથી નાહક વીર્ય વિનાશ કરવા વડે શરીર કમજોર થઇ જાય છે, એમ સમજી ઉક્તઅનાચરણથી સહુએ સદંતર દૂર રહેવા લક્ષ રાખવું અને રખાવવું ઉચિત છે.

૮ આવકના પ્રમાણમાંજ ખર્ચ રાખવું અને બીન જરૂરી ખર્ચ બંધકરી બચેલા નાણાનો સદુપયોગ કરવા કરાવવા પૂરતું લક્ષ રાખવું-રખાવવું ઓછું જરૂરનું નથી બલ્કે વધારે જરૂરનું છે.

૯ શુભ-ધર્માદાખાતે ખર્ચવા કાઢેલી રકમ વગર વિલંબે વિવેકથી ખર્ચી દેવી કારણ કે સદાકાળ સહુના સરખા શુભ પરિણામ ટકી રહેતા નથી. વળી લક્ષ્મી પણ આજ છે અને કાલે નથી માટે કાલે કરવું હોય તે આજેજ કરવું વાયદામાં વખત વીતાવવો નહિ.

૧૦ જ્ઞાનદાન સમાન કોઇ ઉત્તમદાન નથી એમ સમજી સહુએ એ કાર્યમાં યથાશક્તિ સહાય કરવી અને તત્વજ્ઞાનનો ફેલાવો થાય તેવો પ્રબંધ કરવો. કેમકે શાસનની ઉન્નતિનો ખરો આધાર તત્વજ્ઞાન ઉપર અવલંબી રહેલો છે એ ખૂબ સમજી રાખવું જોઇએ.

૧૧ આપણા જૈની ભાઇ બ્હેનોમાં અત્યારે ઘણા ભાગે કળા-કૌશલ્યની ખામીથી, પ્રમાદ આચરણથી, અગમચેતીપણાના અભાવથી અને [illegible] વિગેરે નકામાં ખર્ચ કરવાથી જે દુઃખભરી હાલત થવા [illegible] છે તે જલ્દી દૂર થાય તેવી તાલીમ (કેળવણી) દેશ-કળને અનુસારે આપણી ઉદરતી પ્રજાને આપવા દરેક યોગ્ય સ્થળે કેળવણ કરવાની હવે ખાસ જરૂર છે એ ભુલવું ન જોઇએ.

૧૨ વીતરાગ પ્રભુનો પવિત્ર ઉપદેશ આખી આલમને ઉપગારી થઇ શકે એવો હોવાથી તેનો જેમ અધિક પ્રસાર થવા પામે તેમ પ્રયત્ન કરવો જોઇએ, જગદ્‌ગુરૂ જિનેશ્વર ભગવાને ફરમાવેલી દશ પવિત્ર શિક્ષાઓનું રહસ્ય એ છે કે:—

(૧) શાસન રસિક જનોએ સહુ કોઇ જીવોનું ભલું કરવા, કરાવવા બનતી કાળજી રાખવી અને તે ખાતર ઉદાર દીલથી આત્મભોગ આપવો.

(૨) મદ, માન કે અહંકાર તજી સાદાઇ, ભલમનસાઇ અને નમ્રતા રાખી સહુ સાથે હળીમળીને રહેવું અને ગુણીજનોનો અધિક આદર કરવો. તેમના પવિત્ર સમાગમમાં આવી સદ્‌બોધ મેળવવો, અને તે પ્રમાણે ચીવટ રાખીને સદ્વર્તન સેવવું વિનય એ એક અજબ વશીકરણ-વિદ્યા છેઃ

(૩) માયા કપટ તજી, સરલતા આદરી, મન, વચન અને કાયાની શુદ્ધિથી સ્વપર હિતરૂપ થાય તેવાં કાર્ય કરવાં.

(૪) લોભ, તૃષ્ણા તજી, સંતોષવૃત્તિ રાખીને બની શકે તેટલાં પરમાર્થ ભર્યા કામ નિઃસ્વાર્થપણે કરવાં અને કરાવવાં.

(૫) કુવાસના તજી, ઇચ્છા નિરોધ-તપવડે નિજ દેહદમન કરી, પવિત્ર જ્ઞાન ધ્યાન યોગે સ્વઆત્મ-સુવર્ણ શુદ્ધ કરવું.

(૬) ઇન્દ્રિય-વિષય અને કષાયને કાબુમાં રાખી પવિત્રપણે યથાશક્તિ વ્રત નિયમો પાળવા સહુએ પ્રયત્નશીલ થાવું.

(૭) સત્યનું સ્વરૂપ સમજી, પ્રિય પથ્ય અને તથ્ય એવું વચન પ્રસંગ પામીને ડહાપણથી બોલવું અન્યથા મૌન રહેવું.

(૮) અંતઃકરણ સાફ રાખી, વ્યવહારશુદ્ધિ સાચવવી. ન્યાયનીતિ અને પ્રમાણિકપણું સાચવી રાખીને ચાલવું.

(૯) પર આશા-પરાધીનતા તજી, નિઃસંગતા, નિસ્પૃહતા ધારી એકાન્ત આત્મહિત કરવા ઉજમાળ થાવું.

(૧૦) બ્રહ્મચર્ય–શિષ્ટ આચાર વિચારને સેવી, આત્મ રમણતાયોગે, અતીન્દ્રિય એવા સહજ સ્વાભાવિક સુખના અનુભવ કરવો.

એળ–ભમરીના ન્યાયે પરમાત્મ ચિન્તવનવડે તેમની સાથે એકતા કરવા સદોદિત પ્રયત્ન સેવ્યા કરવો.

૧૩ કલેશ, કુસંપ, વૈર, વિરોધ, ઇર્ષા, અદેખાઈ, નિંદા, ચુગલી વિગેરે વિકારોને મહાદુઃખદાયક જાણી જેમ બને તેમ દૂર કરવા.

૧૪ કુસંગથી આદરી લીધેલા ખોટા રીત રીવાજોને હાનિકર્તા જાણી દૂર કરવા–કરાવવા પૂરતું લક્ષ રાખી મથન કરવું.

૧૫ કોઇ રીતે સીદાતા–દુઃખી થતા સાધર્મીજનોને સારી રીતે સહાય આપવા સદાય લક્ષ રાખવું અને રખાવવું.

૧૬ માતા, પિતા, સ્વામી અને ગુરૂમહારાજનો આપણા ઉપર થયેલો અનહદ ઊપગાર સંભારી, કાયમ સ્મરણમાં રાખીને, તેમનું હિત કરવાની સોનેરી તક મળે ત્યારે તે ગુમાવવી નહિ. દ્રવ્યથી અને ભાવથી બની શકે તેટલી તેમની સેવા ભકિત જરૂર કરવી.

૧૭ કોઇએ કંઈ કસૂર કરેલી જાણી, તેનો તિરસ્કાર કરવાને બદલે તેની ભૂલ શાન્તિથી સમજાવી સુધરાવવી વધારે હિતકારી છે.

૧૮ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને નિજલક્ષમાં રાખી, નમ્રભાવે ઉચિત પ્રવૃત્તિ કરનાર સુખે સ્વપરહિત સાધી શકે એ સ્વાભાવિક છે.

૧૯ રાગદ્વેષ અને મોહાદિક સમસ્ત દોષને સર્વથા જીતી જિનેશ્વરો આપણને પણ એવાજ નિર્દોષ નિર્વિકાર થવા સતત ઊપદિશે છે. એ મુદ્દાની વાત નિજલક્ષમાં રાખી, સહુ કોઇ ઉપદેશકો, મુનિજનો અને શ્રાવકજનો ઉકત અમૂલ્ય સૂચનાઓનો અમલ કરશે તો અલ્પ સમયમાં અલ્પ પ્રયાસે અનલ્પ લાભ લઇ શકશે એમ ઇચ્છી, પ્રાર્થી, નિજ લઘુતા દાખવીને અત્ર વિરમાય છે. **ઇતિશમ્.**

---

# છપાયેલ પુસ્તકોનું લીષ્ટ.

| | |
|---|---|
| જૈન હિતબોધ ......... ......... ......... | ૦-૪-૦ |
| જૈન હિતબોધ હિંદી ......... ......... ......... | ૦-૬-૦ |
| જૈન હિતોપદેશ ભાગ. ૧ ... ......... ......... | ૦-૪-૦ |
| જૈન હિતોપદેશ ભાગ. ૨-૩ ......... ......... | ૦-૬-૦ |
| જૈન હિતોપદેશ ભાગ. ૧ હિંદી ......... ......... | ૦-૪-૦ |
| જૈન હિતોપદેશ ભાગ ૨-૩ શાસ્ત્રી. ......... ......... | ૦-૮-૦ |
| જૈન તત્ત્વ પ્રવેશિકા ......... ......... ......... | ૦-૨-૬ |
| જૈન વાંચનમાળા. ......... ......... ......... | ૦-૦-૯ |
| ઉપદેશમાળા પ્રકરણ ભાષાંતર. ......... ... ..... | ૦-૪-૦ |
| દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્ર ગુજરાતી ( હેતુ, વિધિ, શબ્દાર્થ, ભાવાર્થ ઉપયોગી વિષયો સાથે ) ......... ......... | ૦-૩-૬ |
| સામાયિક સૂત્ર સાર્થ સંસ્કૃત અવચૂરિ સાથે ... ......... | ૦-૨-૬ |
| શ્રદ્ધાશુદ્ધિ ઉપાય. ......... ......... ......... | ૦-૧-૦ |
| પ્રશમરતિ ... ......... ......... ......... | ૦-૪-૦ |
| પુષ્પમાલા પ્રકરણ ......... ......... ......... | ૦-૪-૦ |
| શાન્ત સુધારસ ભાવના અને પ્રશ્નોત્તર માળા ......... | ૦-૪-૦ |
| પંચપ્રતિક્રમણ સૂત્ર મૂળ શાસ્ત્રી. ......... ......... | ૦-૪-૬ |
| પ્રશ્નોત્તર રત્નચિંતામણી અને અઢારહ દૂષણ નિવારક હિંદી ... | ૦-૧૨-૦ |
| ભાષ્યત્રયમ્ ગુજરાતી ભાવાર્થ અને વિવેચન સાથે. ......... | ૦-૪-૦ |
| ભાષ્યત્રયમ્ સાર્થ શાસ્ત્રી ... ......... ......... | ૦-૬-૦ |
| વીતરાગસ્તોત્ર ભાષાંતર સાથે ... ......... ......... | ૦-૧-૦ |
| શ્રાવકકલ્પતરૂ ......... ......... ......... | ૦-૧-૬ |
| સમાધિવિચાર ......... ......... ......... | ૦-૧-૦ |

# નવા છપાયેલા ગ્રંથો.

**સ્તુતિ સંગ્રહ સાવચૂરિક:**—જેમાં શ્રી બપ્પભટ્ટીસૂરિ વિરચિત અને જિનપ્રભસૂરિ વિરચિત ચોવીશી, મૌન એકાદશી સ્તુતિ, રત્નાકર પચ્ચીસી, સંસારદાવા, સ્નાતસ્યા, પંચમી, સીમંધરજિન, અને પંચકલ્યાણકની સ્તુતિઓ સંસ્કૃત અવચૂરિઓ સાથે નિર્ણયસાગર પ્રેસમાં પત્રાકારે છપાયેલ છે. કીંમત ૦-૬-૦.

**સ્તોત્ર રત્નાકર પ્રથમ ભાગ સટીક**—જેમાં શ્રી ધર્મઘોષસૂરિ કૃત ચોવીશી, વીર, નેમિ, અને સરસ્વતિની સ્તુતિ ગર્ભિત સમસ્યાબદ્ધ ભક્તામર સ્તોત્ર ત્રણ, અને ઉદયધર્મ મુનિ પ્રણીત વાક્ય પ્રકાશ ટીકા સાથે નિર્ણય સાગર પ્રેસમાં પત્રાકારે છપાયેલ છે. કીંમત ૦-૭-૦.

**સ્તોત્ર રત્નાકર દ્વિતીય ભાગ સટીક**—જેમાં જિન વલ્લભસૂરિકૃત પ્રશ્નોત્તર એકષષ્ટિશતં, જયતિલકસૂરિ કૃત હારાવલી ચિત્રસ્તવ ચાર, પ્રશ્નાવલી, પાર્શ્વચંદ્રકૃત શ્રીવર્ધમાનસ્તોત્ર ૨, પાર્શ્વજિન સ્તોત્ર ૬, નેમિસ્તવ, વિહરમાનસ્તવ અને એકાક્ષરવિચિત્રકાવ્યાદિ ગ્રંથો સંસ્કૃત ટીકા સાથે નિર્ણય સાગર પ્રેસમાં પત્રાકારે છપાયેલ છે, સ્તોત્રો બધાં અપૂર્વ છે. કીં૦ ૦-૯-૦

**શ્રી પર્યુષણ મહા પર્વ માહાત્મ્ય**—યોજક-મુનિ કર્પૂરવિજયજી જેમાં પર્યુષણના પ્રથમનાં ત્રણ દિવસોમાં વાંચવા લાયક પર્યુષણા ચિંતામણી પ્રકરણ (પર્યુષણ સંબંધી ગજસિંહ કુમારની કથા આવે છે તે) અને ચાર દિવસનાં આઠ વ્યાખ્યાન માટે કલ્પસૂત્ર ઉપર શ્રી જ્ઞાનવિમલસૂરિએ કરેલ સ્વાધ્યાય બાળાવબોધ સાથે અને પછી સદ્દગુરૂનો યોગ ન હોય તેવે સ્થલે સંવત્સરીને દિવસે વાંચવા માટે બારસે સૂત્રને બદલે ફક્ત કલ્પસૂત્ર સ્વાધ્યાય મૂળ, અને શ્રી માહાવીર સ્વામીનાં ત્રણ મોટાં સ્તવનો વગેરે ઘણી ઉપયોગી બાબતો પ્રગટ થયેલ છે તે દરેક ગામનાં ઉપાશ્રયે ભેટ આપવાનું છે, જે ગામમાંઆ પુસ્તક મળ્યું ન હોય ત્યાંના આગેવાને પત્ર લખી પોસ્ટેજ ખર્ચ મોકલી અથવા વી. પી. થી મંગાવી લેવું. વ્યક્તિગ જોઇએ તો કીમત ૦—૮—૦

## છપાય છે.

પંચ પ્રતિક્રમણ સાર્થ સંસ્કૃત અવચૂરિ અને નવ સ્મરણાદિ સાથે-દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્ર અવચૂરિ સાથેનું હમારા તરફથી છપાયું છે તે ઘણું થોડા વખતમાં બહાર પડશે. કીં. ૦-૯-૦

પુસ્તકના ઉપયોગીપણા માટે પ્રશંસા કરવા કરતાં એક વખત સાદ્યંત સાદર વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

**કર્મ ગ્રંથ પ્રથમ ભાગ**—જેમાં પ્રથમના ચાર કર્મ ગ્રંથ છૂટા શબ્દાર્થ ગાથાર્થ વિવેચન અને ફુટનોટ સાથે છપાય છે વિવેચનને ઠેકાણે શ્રી જીવવિજયજી મહારાજકૃત બાળાવબોધ દાખલ કરેલ છે.